
E-magazine
ॐ
THERE IS NO RELIGION HIGHER THAN TRUTH
હરજીવન પ્રકાશ
January - 2024
હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટી
તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા (ગુજરાત)

# સંપાદક મંડળ

❖ સંરક્ષક :

**શ્રી કાંતિભાઈ કે. પટેલ**
પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી
હરજીવન આશ્રમ, કડોલી.

- Email: harjivanashram@gmail.com

❖ પરામર્શક :

**શ્રી નરેન્દ્રભાઈ બી. પટેલ**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી

હરજીવન આશ્રમ, કડોલી.

**શ્રી કાંતિભાઈ કે. પટેલ**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી

હરજીવન આશ્રમ, કડોલી

**શ્રી વિજયભાઈ એલ. પંડ્યા**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી
હરજીવન આશ્રમ, કડોલી.

## સંપાદક

**શ્રી દીપક આર. પંડ્યા**
થિયોસોફિકલ સોસાયટી હરજીવન આશ્રમ, કડોલી
Mobile: 9427221220 / 9510378094

## સહસંપાદક

**શ્રી નરેન્દ્રભાઈ ડી. પટેલ,**
મંત્રી,
થિયોસોફિકલ સોસાયટી, હરજીવન આશ્રમ, કડોલી

**શ્રીમતી કૈલાસબા સી. રાઠોડ,**
થિયોસોફિકલ સોસાયટી, હરજીવન આશ્રમ, કડોલી


## અનુક્રમ


| ક્રમાંક | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| 1. | સંપાદકીય | દીપક પંડ્યા | 03 |
| 2. | અધ્યાક્ષીય | ચંદુભાઈ એચ . પંડ્યા | 05 |
| 3. | વિવિધા | શંકરભાઇ પટેલ અને અન્ય રચનાકાર | 06 |


### સૂચના

- શ્રી હરજીવન આશ્રમ કડોલીની આ માસિક ગૃહ-ઈ-પત્રિકામાં પ્રકાશિત લેખ/આલેખ, કવિતા અને અન્ય સાહિત્ય સંબંધિત લેખકોના પોતાના મૌલિક વિચારો છે જે સંપાદક મંડળને બંધનકર્તા નથી. ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન અંતર્ગતની તમામ લૉજના સભ્યો તેમની મૌલિક જ્ઞાનવર્ધક રચનાઓ, સંકલન વિગેરે પ્રકાશન હેતુ સોફ્ટ કોપીમાં ઈમેલ દ્વારા મોકલી શકે છે.

# સંપાદકીય :

પ્રિય સુજ્ઞ પાઠકો,

નમસ્કાર !

હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટી, કડોલીમાં ગુજરાતનાં વિવિધ સ્થાનોથી નવીન વિદ્વાન મિત્રો જોડાવવા માટે ઉત્સુકતા દાખવે એ આપના સૌના માટે અતિગૌરવપૂર્ણ ઘટના કહી શકાય. આમ કેમ બની શક્યું તેનાં અનેક કારણો પૈકી એક મહત્ત્વનું કારણ એ છે કે લોજના આંગણે ૯૩મા ગુજરાત થિયોસોફિકલ વાર્ષિક અધિવેશનનું આયોજન સંભવ બન્યું અને તે અવસરે દ્રશ્ય તથા અદ્રશ્ય –અંતરિક્ષમાં મહાપુરુષોના પરમાશીષનું અવતરણ પણ થયું હશે એમ વિચારી શકાય.

એક સાથે લોજમાં લગભગ અડધો ડઝન મહાનુભાવો – અનુપમ બુદ્ધિજીવીઓ સંસ્થામાં જોડાય તે સંસ્થાના સ્વાસ્થ્ય માટે ખુબજ પ્રેરક અને બળવર્ધક ઘટના કહી શકાય. ડો. દક્ષા જોશી, ડો. અંબાદાન રોહડિયા, ડો. તૃષાબેન, ડો. દેવેન્દ્ર આચાર્ય, કડોલી માધ્યમિક શાળાના માનનીય આચાર્ય શ્રી જીતુભાઇ પટેલ વિગેરે ગુણીજનો સ્વેચ્છાએ સંસ્થામાં સહર્ષ જોડાય તે ઘણું જ આવકારદાયી અને ઉજ્જવળ સંભાવનાઓ જગાડનારું અને ઈશ્વરીય પ્રેરણાથી ઘટેલ છે એમ માની રહ્યો છું.

આપણે સૌ એક પિતાનાં સંતાન છીએ એ થિયોસોફીની મૂળભૂત વિચારધારા કુસુમિત થઈ વિશ્વબંધુત્વ રૂપે પ્રગટ થઈ છે. આધ્યાત્મની ઉંચાઇ પામવાની સાથે આ માનવસેવી સંસ્થા ભિન્ન ભિન્ન રીતે ક્રિયાશીલ છે. મનુષ્યની સામાજિક, શૈક્ષણિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઉન્નતિની સાથે રાષ્ટ્રીય કર્મબોધના પાઠ ભણાવતી સંસ્થા છે.

થિયોસોફીને તત્ત્વગ્રાહી સ્વરૂપે ગ્રહણ કરી વ્યાવહારિક જીવનમાં ઉદારતાપૂર્વક પ્રચલન કરવા સંસ્થાના કાર્યકરો પ્રવૃત્ત છે. આજે જ્યારે સંદેશવ્યવહારના અદ્યતન સંસાધનો પ્રચુર માત્રામાં ઉપલબ્ધ થઇ ચૂક્યા છે, ત્યારે થિયોસોફિકલ સંસ્થાઓ પણ સંદેશાવ્યવહાર અને સંપ્રેષણ તરફ વિશેષ ધ્યાન આપી રહી છે. કોમ્પુટર દ્વારા ઈ-પત્રિકાઓ, જુમ મિટીંગ્સ, વેબ સાઈટ, પાવર પ્વાઇંટ પ્રેજન્ટેશનની મહત્તા પણ વધી રહી છે. સૂચના અને પ્રૌદ્યોગિક ક્ષેત્રની આ મહાન ક્રાન્તિએ વિપુલ સાહિત્ય ઉપલબ્ધ કરાવ્યું છે.

અમેરિકામાં વસવાટ કરી રહેલી કોઈ વ્યક્તિ દ્વારકાધીશ કે સોમનાથ અથવા કોઈપણ તીર્થ સ્થાનનાં દર્શન - આરતી લાભ સહજ રીતે કરી

રહ્યો છે. આ યુગની આ અસાધારણ ઉપલબ્ધિ છે.

સંસ્થાગત હોય કે વ્યક્તિગત, પણ વિકાસની પ્રક્રિયા પરસ્પર સહયોગી બન્યા વિના સંભવ નથી. કબીરજી સારતત્ત્વને ગ્રહણ કરવા કહેતા રહ્યા છે. એમના માટે સુપડાની મહત્તા વધુ છે, કારણ તે પોકળ-ખોખલી વસ્તુઓને દૂર કરી નક્કર વસ્તુને પાસે રાખે છે. તેમના શબ્દોમાં, ' થોથા દેયી ઉડાય ! '.

થિયોસોફીના અભ્યાસુએ સારસવૃત્તિને પોષવાની છે. નકામી વસ્તુઓનો સંગ્રહ દુર્ગંધ ફેલાવી શકે છે. **ખૂબ વાંચન કરવું, મનન કરવું અને દૈનિક જીવનમાં તેના સારતત્ત્વને અવકાશવું શ્રેયકર બની શકે છે.**

વિશ્વબંધુત્વનો આપણો સિદ્ધાંત વાસ્તવિક રીતે ચરિતાર્થ કરવા માટે દરેકની સાથે સમવેદી બની રહેવું એ પૂર્વશર્ત સમાન કહી શકાય. પદ-પ્રતિષ્ઠા અર્જિત કરી માનવીય વ્યવહારનું અવમૂલ્યન કરાય તો આપણે સાચા અર્થમાં થિયોસોફીને પચાવી શક્યા નથી તેમ નિર્વિવાદપણે કહી શકાય.

આપણા સૌમાં 'હરજીવનનો પ્રકાશ' અવતરિત થતો રહ્યો છે, અને તેને "હરજીવન પ્રકાશ" દ્વારા જન..જન સુધી પહોંચાડવાની આપણી મંશા છે. હરજીવન આશ્રમની સુવાસ સર્વત્ર ફેલાય તે દરેક સભ્યની પ્રાથમિકતા હોવી જોઈએ.

આજે " હરજીવન પ્રકાશ" નો ઓગસ્ટ – 2023 અંક લોકાર્પિત થઈ રહ્યો છે ત્યારે તેની સાથે જોડાયેલા તમામ સાધુવાદને પાત્ર છે.

થિયોસોફીનું સ્વરૂપ બહુઆયામી છે, તે કથા સાહિત્યમાં, કવિતા સાહિત્યમાં કે આધ્યાત્મિક ગ્રંથોમાં કવિ-સર્જક અથવા લેખક દ્વારા હૃદયસ્થ થયેલ છે. એક સંશોધકની રીતે આપણે તેનો અભ્યાસ અને આવિષ્કાર કરતા રહેવાનું છે. ગુરુદેવોની દિવ્ય ગતિથી આજ સુધીની તમામ ઘટનાઓમાં થિયોસોફી શોધવાની છે અને ધર્મ, જાતિ કે રંગના ભેદભાવ વિના ઈશ્વર નિર્મિત માનવ અને પ્રકૃતિ પ્રત્યે ઉદ્દાત્ત પ્રેમ દાખવી વિશ્વબંધુત્વ પ્રતિષ્ઠિત કરવા તત્પર બની રહેવાનું છે.

આશા છે કે, આ અંકમાં આવરી લેવાયેલ સાહિત્યમાં આપ સૌને થિયોસોફીનો નાદ અચૂક સંભળાશે.

વંદન .... આભાર !

દીપક પંડ્યા

It is an occult law moreover, that no man can rise superior to his individual failings without lifting, be it ever so little, the whole body of which he is an integral part. In the same way no one can sin, nor suffer the effects of sin, alone. In reality, there is no such thing as 'separateness' and the nearest approach to that selfish state which the laws of life permit is in the intent or motive."
– **Helena Petrovna Blavatsky**



# અધ્યક્ષીય,

પ્રિય આત્મીયજનો,

શ્રી હરજીવન આશ્રમ, કડોલીની થિયોસોફિકલ ગતિવિધિઓને બહુઆયામી બનાવવા ઉત્સાહ અને લગન સાથે કાર્ય કરી રહેલા આપ સૌ વંદનીય અને પ્રાતઃસ્મરણીય છો.

93મું ગુજરાત થિયોસોફિકલ અધિવેશન નવેમ્બર -2023ની ફળશ્રુતિ સ્વરૂપે હરજીવન આશ્રમમાં જોડાઇ રહેલા સર્વ ગુણીજન અને વિદ્વાન મિત્રોને હૂં હાર્દિક આવકારી રહ્યો છું.

'હરજીવન પ્રકાશ' પત્રિકાનો પ્રકાશ વ્યાપક સ્તર પર ફેલાઇ ચૂક્યો છે. સમસ્ત ગુજરાત ઉપરાંત લખનૌ, મુંબઇ, વારણસી, ચૈનઈ, દિલ્હી વિગેરે સ્થાનો પર વસતા આપણા બંધુઓ અને ભગિનીઓનો રચનાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે તે વિશેષ આનંદની વાત છે. બીજું, પત્રિકામાં પ્રકાશન માટે વિવિધ સ્તરીય અને વિવિધ વિષયો પર સાહિત્ય સામગ્રી પણ મળતી રહી છે તે પ્રેરક વાત છે.

શ્રી હરજીવન આશ્રમ થિ.સો. કડોલી દ્વારા સંકલ્પિત ઈ-પત્રિકા "હરજીવન પ્રકાશ"નો અંક સમયસર નવારંગરૂપ સાથે પ્રકાશિત થાય તે આપણા સૌ માટે અત્યંત હર્ષની વાત છે.

પત્રિકામાં સમાવેશ કરાયેલ સાહિત્ય થિયોસોફીના આંતરિક સ્વરૂપને પ્રગટ કરનાર છે. એક કાળે આપણા મહાપુરુષોએ આપણને વિપુલ સાહિત્ય આપ્યું છે આજે પણ તે આપણું માર્ગદર્શન કરી રહ્યું છે. અહીં 'હરજીવન પ્રકાશ'ના માધ્યમથી પીરસાઈ રહેલ કવિતા કે કથાસૃષ્ટિમાં થિયોસોફીનો વ્યાવહારિક પક્ષ પ્રગટ થઇ રહ્યો છે. તેનો રણકાર સાંભળી શકાય તેમ છે. આ બધી જ રચનાઓમાં સર્જકના ઉરના સુર છે. તેમાં ચરિત્ર-નિર્માણની સંભાવનાઓ રહેલી છે.

આખરે થિયોસોફી શું છે ? કોઇ એક સર્જક, વિચારકના રજૂ થયેલ વિચારને થિયોસોફી કહી શકાય ? તે તો તેની વ્યક્તિગત સોચ છે. તેની મર્યાદાઓ પૂર્વનિર્ધારિત છે. થિયોસોફી તો અનંત આકાશગંગા સમાન છે. અનેક મહાપુરુષોની વાણી, વ્યવહાર અને આચરણને બળે લોકકલ્યાણ માટે નિષ્પન્ન થયેલો પ્રવાહ અવિરત વહી રહ્યા છે. તે અતિસૂક્ષ્મ અને અનુભૂતિજન્ય છે.

'હરજીવન પત્રિકા'નું સાહિત્ય આપણી સુસુપ્ત થયેલી અનુભૂતિને જગાડનારું છે.

તેમાં આદિકવિ નરસિંહ મહેતાથી આજ સુધીના, કેટલાક નવોદિત સર્જકોનાં સ્પંદનો સમાહિત કરવાની પૂર્ણ સંભાવનાઓ રહેલી છે.

સાહિત્યનું સમકાલીન હોવું તેને સરસ, સુંદર અને લોકભોગ્ય બનાવી શકે છે કારણ તે વર્તમાન સાથે હસ્તધૂનન કરતું રહે છે.

થિયોસોફી આપણી વૈજ્ઞાનિક દ્રષ્ટિ અથવા વિજ્ઞાનધર્મિતાને આવકારે છે. એટલે તે બંધિયાર નથી. દરેકને મહાપુરુષોના વચનો પર મૌલિક રીતે ચિંતન કરવાનો અબાધિત અધિકાર સ્વતઃ સાંપડેલો છે. ચિંતનની પ્રક્રિયા તુલનાત્મક બની રહે તે પણ અપેક્ષિત છે. તેના વિના થિયોસોફીને સમજવી કે વ્યવહારમાં તેનું પ્રવર્તન સંભવ બની શકે નહીં.

મહાન તત્ત્વચિંતનની વાણીની તુલનામાં એક સીધા સાદા ભજનિકના હૃદયથી પ્રગટેલા નાદનું જરા પણ ઓછું મૂલ્ય આંકી શકાય નહીં. તે પણ થિયોસોફીનું સ્વરૂપ જ છે.

હરજીવન આશ્રમની પાયાની વિચારધારામાં દરેક માટે સમાન ભાવ, આદર અને ચેતનવંતુ વિશ્વબંધુત્વ મહાપુરુષોના આશિષથી ધબકતું રહ્યું છે અને રહેશે તેવી શ્રદ્ધા ધરાવું છું.

કડોલી એક નાનકડું ગામડું છે પણ દૈવતવાળું છે. આપ સૌના કડોલીનાં સંસ્મરણો હૃદયસ્થ બની રહ્યાં હશે. અમારા સન્નિષ્ઠ પ્રયાસો અને આપ સર્વે પ્રત્યેના અનન્ય અનુરાગ દિનપ્રતિદિન પ્રગાઢ બનતો રહી સૌની સંગતે વૈવિધ્યપૂર્ણ થિયોસોફી કર્મ કરાવશે એવી કામના કરી રહ્યો છું.

નુતન વર્ષ 2024ની સૌને હાર્દિક શુભકામનાઓ !

સાધુવાદ !

આપનો,

**કાંતિભાઈ કે. પટેલ**, પ્રમુખ

# વિવિધા

## ચેતનવંતા સ્પંદનો ....

'ચિન્તન ની ક્ષણે 'થિયોસોફિકલ સોસાયટીનો મુદ્રાલેખ 'સત્યાન્નાસ્તિપરો ધર્મઃ 'અર્થાત સત્ય શીવાય બીજો કોઇ મોટો ધર્મ નથી. થિયોસોફિકલ સોસાયટીના ૩ ઉદ્દેશ સાથે સ્થાપના કરવામાં આવી. આજે આપણે તેના મુદ્રા લેખ વિષે વાત કરવાની મંશા છે. ઘણા બધા મહાપુરુષોએ સત્ય વિષે નાપોતાના વિચારો પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયાસ કરેલ છે.તે આપણે જોઇશું તો સત્યની મહત્તા સમજાશે. (૧) સંતો કરતાં પણ સત્ય શ્રેષ્ઠ છે સત્યના અંશ માત્રથી સંતો પેદા થાય છે. - વિનોબા ભાવે.(૨) સત્યને સૂત્રોમાં જકડી શકાતું નથી. - જેમ્સ એલન (3) સત્ય થી દુઃખ પડે તો પણ ક્યારેય સત્યને છોડો નહીં અસત્ય થીલાભ થાય તો પણ સત્યનો અનાદર ન કરો-હજર મહંમદ પયગંબર (૪)કોઈપણ સત્યનું હરગિજઅવસાન થઇ શકતું નથી -રવિન્દ્રનાથ ટાગોર (૫)પોતાપણું પ્રવેશે છે ત્યાંથી સત્ય વિદાય લે છે -જેમ્સ એલન (૬)સત્ય એક જ છે અનેક નથી સત્ય માટે બુદ્ધિશાળી

માણસો વિવાદ કરતા નથી -ગૌતમ બુધ્ધ (૭)સત્યને વળગી રહેશો તો ઈશ્વરની પ્રાપ્તિ થશે.- રામકૃષ્ણ પરમહંસ (૮)સત્ય શાસ્ત્રમાં નહીં પણ અનુભવમાં વસે છે -વિનોબા ભાવે (૯)માણસ એ જ સત્ય છે માણસએ પોતાની બહાર કશું જ શોધવાનું નથી આરંભ અને અંત પોતાના માંછે . -હેનરી મિલન .

(૧૦)જે અસત્યમાં સત્યની કલ્પના કરે છે અને સત્યમાં અસત્યનિહાળે છે તે કદી સત્યને પામી શકતો નથી . -ગૌતમ બુધ્ધ. (૧૧) સમય કિંમતી છે પણ સત્ય તો એથી એ વધુ કિંમતી છે. -ડીઝરાયેલી -શંકરભાઇ પટેલ.

- **શંકરભાઈ પટેલ**.

# જાહેર વિજ્ઞપ્તિ.

નમસ્કાર !

મહિનાના દરેક ગુરુવારે સવારે ૭-૩૦ થી ૮.૩૦ સુધી ૧ કલાક યોગ અને પ્રાણાયામ શ્રી કાન્તિભાઈ કે.પટેલ કરાવવાના છે. જેની શરૂઆત આજથી થઈ છે.

હવે પછીના દર ગુરુવારે નિયમિત રીતે યોજવામાં આવશે.

યોગ/પ્રાણાયામ એ આપણા ઋષિમુનિઓએ આપેલી અમુલ્ય ભેટ છે. જે દરરોજ કરવાથી શરીર ની તંદુરસ્તી, શારીરિક શોષ્ઠવ, અને મન પ્રફુલ્લિત રહે છે. આજે રદયરોગ, પેરાલિસિસ, અંગ જકડાઈ જવા, જેવા અસાધ્ય રોગો એ જ્યારે માજા મૂકી છે. ત્યારે આ નો વિકલ્પ માત્ર યોગનું શિક્ષણ જ આપણા ને બચાવી શકે તેમ છે.તો દરેક મિત્રોએ આમાં ભાગ લેવા નમ્ર અનુરોધ છે.

સ્થળ: **હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટી. કડોલી**

**શંકરભાઈ એચ. પટેલ.** ઉપપ્રમુખ.

# સૂફી દાર્શનિક પરંપરા અને ઇસ્લામનું પ્રેમતીર્થ - ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ :

**ભૂમિકા :**

સૂફીવાદ : ઇસ્લામ ધર્મનો રહસ્યવાદી પંથ. 'સૂફી' શબ્દને વિદ્વાનોએ જુદી જુદી રીતે સમજાવ્યો છે; પરંતુ તેની મહત્ત્વની વ્યુત્પત્તિ છે – 'સૂફ' એટલે 'ઊન' પરથી ઊનનાં કપડાં પહેરનારા સાધકો. બીજી મહત્ત્વની વ્યુત્પત્તિ છે – 'સફા' એટલે 'પવિત્રતા' પરથી ખુદાનો પ્રેમ મેળવવા આવશ્યક એવી પવિત્રતાવાળા સાધકો. સૂફીસાધકો ખુદાના ઇશ્ક(પ્રેમ)માં મગ્ન રહેનારા, સાંસારિક પ્રલોભનોથી દૂર રહેનારા, જન્નત(સ્વર્ગ)માં નહીં માનનારા, ખુદાની સાથે એક બની જવા તમામ સાધનાઓ કરવા તૈયાર, ઇશ્કને ખુદાને હાંસલ કરવાનું સર્વોચ્ચ સાધન માનનારા અને વૈરાગ્યભાવનાથી સંસારનો ત્યાગ કરનારા છે.

સૂફીવાદના પ્રથમ પ્રવર્તક પ્રથમ મતે આદમ, બીજા મતે મહંમદ પયગંબર અને ત્રીજા મતે ચોથા ખલીફા અલી હતા. કટ્ટર ઇસ્લામ-ધર્મીઓ સૂફીવાદને ઇસ્લામથી વિરુદ્ધ માની તેની નિંદા કરે છે, કારણ કે સૂફીવાદની કેટલીક માન્યતાઓ અલગ છે. નમાજ, રોજા, હજ વગેરે ધાર્મિક આચારોને કટ્ટર ઇસ્લામ આવશ્યક માને છે, જ્યારે સૂફીવાદ આવા આચારોને બદલે સફા (પવિત્રતા) અને આંતરિક યાત્રા (સફર) પર વધુ ભાર મૂકે છે. 'કુરાન'નો અલ્લાહ બધી વસ્તુઓથી ચઢિયાતો, ઇન્સાનથી અલગ અને સર્વસત્તાધીશ છે. સૂફીવાદનો અલ્લાહ બધી વસ્તુઓ અને ઇન્સાનમાં રહેલો એટલે સર્વવ્યાપી છે. વળી 'કુરાન'નો અલ્લાહ ખુદા અને રૂહ(આત્મા)ને એક જ માનતો નથી; સૂફીવાદ ખુદા અને રૂહને એક જ માને છે. તેથી તેમનો સિદ્ધાન્ત 'અનલહક' (હું ખુદા છું) એવો છે. સૂફીવાદ ખુદાને ઇશ્કથી હાંસલ કરી શકાય એમ માને છે.

આઠમી સદીમાં થયેલા અબુદર્દા, ઉસમાન બિન માજુન, ઇબ્રાહીમ, બિન આદમ તથા રાબિયા જેવા પ્રાચીન સૂફીવાદીઓ ઇશ્ક, દેહદમન, સંસાર તરફ વિરક્તિ તથા નિવૃત્તિ પર ખૂબ ભાર મૂકતા હતા. એ પછી માસફુલ, અબુ સુલેમાન, જુન્નુન, યજિદુલ્લ બિસ્તાની વગેરે નવમી સદીના સૂફીઓએ 'અનલહક'ના સિદ્ધાન્તની ઉચ્ચ ભૂમિકા સૂફીવાદને આપી. ઈ. સ. 922માં મનસૂર નામના સૂફીએ 'અનલહક'નો જોરદાર પ્રચાર કર્યો તેથી કટ્ટર ઇસ્લામીઓએ તેમને કાફિર ઠરાવી બગદાદના ખલીફા પાસે મોતની સજા અપાવી. 11મી સદીમાં બગદાદના નિઝામિયા મદરેસાના શિક્ષક અને અનેક ગ્રંથોના લેખક સૂફી અબુ હામીદ ગજાલીએ તૌહિદ(એકેશ્વરવાદ)ની સાથે તવક્કુલ (અનન્યશરણતા) અને કલ્બ(હૃદય)માંથી નીકળતી ખરી બંદગી (પ્રાર્થના) પર ખૂબ ભાર મૂક્યો. ત્યારબાદ સૂફીવાદ અન્ય સૂફીઓને હાથે જુદા જુદા સમયે ઈરાન, ઇરાક, અફઘાનિસ્તાન વગેરે દેશોમાં થઈ છેક ભારત સુધી વિકસ્યો. નવો સિદ્ધાન્ત કે સાધનામાર્ગ રજૂ કરનાર સૂફી-સંતના નામે તેના અલગ સંપ્રદાય અને તે જ સંપ્રદાયના ઘણા ઉપસંપ્રદાયો ખડા થતા ગયા. સર્વપ્રથમ સઘળા સૂફીઓ સિદ્ધાન્તના આધારે બુજૂદિયા અને શુહૂદિયા નામના બે પ્રમુખ સંપ્રદાયોમાં વહેંચાયા. મુહિઉદ્દીન ઇબ્નુલ અરબીએ બહદતુશ્શુબુજૂદનો સિદ્ધાન્ત રજૂ કર્યો. તેમાં હમાવુસ્ત એટલે તમામ ચીજો એકમાત્ર ખુદા છે, આખું જગત ખુદાની જ અભિવ્યક્તિ છે, ઇન્સાન ખુદાનો સિર્ર (ચેતન અંશ) છે, ઇન્સાન પોતાના મર્યાદિત જ્ઞાનથી સિર્રને પ્રગટ કરી શકે છે તેથી રૂહ (આત્મા) સત્ય છે, છતાં તે એકમાત્ર સત્ય નથી, ખુદા જ એકમાત્ર સત્ય છે એવી પાયાની વાતો રજૂ થઈ છે. બીજો સિદ્ધાન્ત બહદતુશ્શુહૂદ શેખ કરીમે જીલીએ રજૂ કર્યો. તે મુજબ સિર્રની સત્તા શૂન્ય જેવી છે, કારણ કે સિર્રને પોતાની સત્તા માટે ખુદાની સત્તાની અપેક્ષા રાખવી પડે છે. જગત ખુદાની ગુણાવલીનો સમૂહ છે. સિફત (ખુદાના જુદા જુદા ગુણો) જાહેર (જાહિર = અભિવ્યક્ત) થાય એટલે તેમનાં નામો અપાય છે. એ બધાં નામો અરીસાની જેમ ખુદાનાં બધાં રહસ્યોને જાહેર કરે છે. જગતના પ્રત્યેક અણુમાં પોતાની પૂર્ણતા જાહેર કરે છે. જગતના સઘળા પદાર્થો બરફ જેવા છે અને ખુદા પાણીની જેમ મૂળ કારણ છે. અનહદ સુંદરતા અને વિભૂતિ

ધરાવતો ખુદા જ્યારે પોતાની સુંદરતાનો અંશ જાહેર કરવા ઇચ્છે ત્યારે જગતની રચના થાય છે. તે જગતની રચના ખુદાની સુંદરતાને સમજવામાં મદદ કરે છે. આ બે સિધ્ધાન્તોને વિચારતાં તેના પર પ્રાચીન ભારતીય ઉપનિષદોની અસર પડી હોય તેમ જણાય છે. ભારતીય અસર સૂફીવાદ પર હોય કે ન હોય; પરંતુ અરબી સૂફીવાદની અસર ભારતમાં ઠેર ઠેર જણાય છે.

હાલ ભારતમાં સૂફીના ચાર મુખ્ય સંપ્રદાયો પ્રચલિત છે : ચિશ્તી, કાદિરી, સુહરાવર્દી અને નક્શબંદી. જ્યારે ઉપસંપ્રદાયોમાં નિઝામી, સાબિરી, બહતુલશાહી, નવશાહી, મુકીમશાહી, કૈસરશાહી, જલાલી, મખ્દૂમી, મીરનશાહી, દૌલાશાહી વગેરેનો સમાવેશ થાય છે. અરબસ્તાન વગેરે દેશોમાં તો આથી વધુ સંપ્રદાયો પ્રચલિત છે.

અનેક સૂફીસંતો કે પીરોએ સૂફીવાદના સિધ્ધાન્તોમાં ફાળો આપ્યો છે. એ સિધ્ધાન્તોમાં જણાવ્યા મુજબ :

(1) સૂફીવાદ તસવ્વુફ એટલે રહસ્યવાદ છે.

(2) સૂફીવાદમાં સાંસારિક પ્રલોભનો છોડી સફા (પવિત્રતા) અને ઇશ્ક દ્વારા ખુદા કે અલ્લાહમાં ફના (લીન) થવાની વાત મુખ્ય છે.

(3) જગત, રૂહ, ઇન્સાન બધું જ ખુદા છે. ખુદા સર્વપ્રથમ છે અને અંતિમ પણ છે.

(4) ખુદા તરફ ઇશ્ક દ્વારા ફના થવું (અહંનું વિસર્જન કરવું) એ જ સૂફીવાદનું રહસ્ય છે.

(5) ઇશ્કમાં અનન્યતા આવે, દિલ સાફ થાય, ઇન્સાન જગતને બદલે જાતને સુધારે ત્યારે અજબની મિનોઈ (આધ્યાત્મિક ક્રાન્તિ) પેદા થાય છે અને ઇન્સાનને બધે જ ખુદા દેખાય છે.

(6) સૂફી દ્વૈતપરક ભૂમિકા છોડી ખુદા સાથે એક થઈ જાય છે.

(7) સૂફી સંસારમાંથી પલાયન થવાને બદલે સંસારમાં જળકમળની જેમ અલિપ્ત રહે છે.

(8) ખુદાની શોધમાં લાગેલો સૂફી સાલિક (યાત્રિક) અત તરીકત (યાત્રાના માર્ગ) પર ધીરે ધીરે ચાલે છે. તેના માર્ગમાં મકામો (સોપાનો) આવતાં જાય છે અને તે તેના અંતિમ લક્ષ્ય ફના ફિલ હક (ખુદામાં લીન થાય ત્યાં) સુધી ચાલતો રહે છે.

(9) આ સાત જેટલાં મકામો યૌગિક અને નૈતિક અનુશાસનનાં અંગો છે કે જેમાં પશ્ચાત્તાપ, સંયમ, વિરાગ, દૈન્ય, ધૈર્ય, ખુદા પર વિશ્વાસ અને સંતોષનો સમાવેશ થાય છે. વળી એ સફર(યાત્રા)માં મન સાથે સંબંધ ધરાવનારી દસ દશાઓ પણ છે; જેમાં ધ્યાન, ખુદાની સમીપતા, પ્રેમ, ભય, આશા, ઉત્સુકતા, મૈત્રી, શાંતિ, ચિંતન અને નિશ્ચયાત્મકતાનો સમાવેશ થાય છે. સૂફી સાધકનો ઉપરનાં સાત મકામો અને તેમનું પૂર્ણ જ્ઞાન પોતાના પ્રયત્નથી પ્રાપ્ત થાય છે; પરંતુ દસ દશાઓ સાધકના કાબૂમાં ન હોવાથી ખુદા પાસેથી મળે છે.

(10) ઇન્સાનમાં આલમે અમ્ર અને આલમે ખલ્ક – એમ બે પ્રકારની સૃષ્ટિઓ રહેલી છે. તેમાંની પહેલી ખુદાએ બનાવેલી ચેતન છે અને બીજી પરંપરાથી ચાલતી આવતી જડ છે. એ બંને સૃષ્ટિઓ ભેગી થાય તે આલમે કબીર એટલે વિશાળ સૃષ્ટિ છે. તે બંને સૃષ્ટિઓ વચ્ચેનો ભાગ બરજખ કહેવાય છે. તેમાં રહેલી શક્તિ ઇન્સાનના દિલ પર પોતાનો મારો ચલાવે છે. તે શક્તિ પોતાનો યોગ્ય ઉપયોગ કરનાર સાધકને અત તરીકત (માર્ગ) પર ચાલવામાં મદદ કરે છે.

(11) હક (નિર્ગુણ ખુદા) ઇન્સાન તરફ નીચે સફર કરે તેને 'સફરુલ હક' કહે છે અને ઇન્સાન હક તરફ સફર કરે તેને 'સફરુલ અબદ' કહે છે. સફરુલ અબદમાં સૂફી સાધકને ચાર મુખ્ય અવસ્થાઓમાંથી પસાર થવું પડે છે. તેમાં પહેલાં 'નાસૂત' એટલે શરિયત(ધર્માચાર)નું પાલન કરે એ પછી 'મલકૂત' એટલે અત તરીકત પર ચાલી ખુદા પાસેથી ગુણો મેળવે, પછી 'જબરૂત' એટલે ખુદાના જ્ઞાન દ્વારા સિધ્ધિ મેળવે અને છેલ્લે, 'લાહૂત' એટલે ખુદામાં રૂહ(આત્મા)ને ફના (વિલીન) કરી અંતિમ સાધ્ય મેળવે.

(12) સૂફી સાધકને થતું જ્ઞાન લૌકિક અને ખુદાઈ એમ બે પ્રકારનું હોય છે. બંનેમાં ચઢિયાતું એવું ખુદાઈ જ્ઞાન ત્રણ જાતનું હોય છે : (અ) ખુદાના ત્રિકાલાબાધિત સ્વરૂપનું જ્ઞાન, (બ) ખુદાની સર્વજ્ઞતા અને સર્વસાક્ષિતા – એ બે ગુણોનું જ્ઞાન અને (ક) ખુદાની લીલાનું જ્ઞાન.

(13) સત્ ખુદાનું પ્રતિબિંબ ભ્રામક તથા અસત્ જગત છે; જ્યારે ઇન્સાન અસત્ જગતનું અંગ છે, છતાં તેનામાં ખુદાનું સત્ તત્ત્વ પણ રહેલું છે. તેથી ઇન્સાનમાંથી અસત્ અને ભ્રામક તત્ત્વ નીકળી જાય અને બધાં દુ:ખોનું મૂળ અને મોટું વ્યવધાન 'અહં'-સાધના દ્વારા ફના થાય એટલે સૂફી સાધક સત્ ખુદા સાથે એક થઈ જાય.

(14) સૂફીના ત્રણ પ્રકારો છે : (અ) લૌકિક લાભ માટે સૂફી બને તે નીચલી કક્ષાનો સૂફી; (બ) વૈરાગ્ય, તપ અને દેહદમન વગેરેથી સૂફી બનવા પ્રયત્ન કરે એ મધ્યમ કક્ષાનો સૂફી; (ક) અહંનો નાશ કરી ખુદા પાસેથી બકા (નવજીવન) મેળવનાર શ્રેષ્ઠ સૂફી છે.

(15) ખુદા પરમ સત્, પરમ કલ્યાણ અને પરમ સૌંદર્ય છે.

1 સૂફીવાદના સાહિત્યમાં અરબી અને ફારસી ભાષામાં ગજાલી, અરબી, જિલ્લી, મહમૂદ શબિસ્તરી વગેરેએ રચેલા સિદ્ધાન્તગ્રંથો; અત્તાર, જામી, દૌલતશાહ વગેરેએ રચેલાં સૂફીસંતોનાં જીવનચરિત્રો તથા રૂમી, અત્તાર, ફારિજ વગેરેએ રચેલાં મસનવી, રુબાઈ અને ગઝલ – એ ત્રણ પ્રકારોમાં રચેલું પ્રેમવિરહવિષયક સાહિત્ય – એમનો સમાવેશ થાય છે. આ સૂફીસાહિત્યની અસર શીખ ધર્મ પર પણ થઈ છે. સૂફીસંતોનાં 100થી વધુ પદો શીખોના પવિત્ર ગ્રંથ 'ગ્રંથસાહેબ'માં સમાવિષ્ટ છે. શીખ ધર્મગુરુ અર્જુનદેવના ઘનિષ્ઠ મિત્ર સૂફી પીર મિયાં મીરના હાથે અમૃતસરના સુવર્ણમંદિરના અમુક ભાગનો શિલાન્યાસ થયેલો. શીખધર્મના સંતો ઉપરાંત

સંત દાદૂ દયાળ, અનવર કાઝી વગેરે ભારતના અન્ય સંતો પર પણ સૂફીવાદની અસર જોવા મળે છે. ગુજરાતમાં રંગ અવધૂત જેવા સંતો અને મણિલાલ ન. દ્વિવેદી, કલાપી, સાગર, બાળાશંકર કંથારિયા વગેરે ગુજરાતી સાહિત્યકારો પર પણ તેની અસર જોવા મળે છે. ગુજરાતી ગઝલ પર સૂફીશૈલીનો સવિશેષ પ્રભાવ જોવા મળે છે.

2 ભારતના સૂફી સંતો અને તેમનો પ્રભાવ :

ભારતમાં સૂફી વિચારનો પ્રચાર મુઘલકાળ (૧૫૨૬-૧૭૦૭) દરમ્યાન થયાનું મનાય છે. જો કે તુર્ક-અફઘાન શાશનકાળ (૧૨૦૬-૧૫૨૬)માં પણ સૂફી વિચારધારાને મોકળું મેદાન મળ્યું હતું. પ્રસિધ્ધ સૂફી સંત મીર અબ્દુલ વહીદ મીલ્ગ્રામીએ "હકીકી હિન્દ"નામક સૂફી ગ્રન્થ ઈ.સ. ૧૫૨૬મા લખ્યો હતો. આ પછી સૂફી માન્યતાઓ ,વિચારો અને વ્યવહારોનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો. આ જ અરસામાં સૂફીવાદની "વહ્દ – અલ – વજૂદ" વિચારધારા ભારતમાં પ્રસરી. વહ્દ-અલ વજૂદ એટલે જીવની એકતા. આ વિચારનો મુખ્ય ઉદેશ જીવ કે આત્માની એકતા હતો. દરેક શરીર એક આત્માનું નિવાસ છે. અને આત્મ નાશ પામતો નથી. આત્મા એજ ખુદાનું ઘર છે. આ વિચારધારા સામે સૂફીવાદની નકશબંદી શાખાએ "વહ્દ-અલ-શૂહુદ" અર્થાત "વિચારની એકતા"ને પ્રાધાન્ય આપ્યું. આત્મા ખુદા છે. પણ તેના વિચાર -આચાર અને ગતી મહત્વના છે. આ વિચારને સૂફી સંત સરેહિન્દ શેખ અહેમદ (૧૫૬૪-૧૬૨૪)એ ભારતમાં પ્રસરાવ્યો. તેમણે લખેલ ગ્રંથો "રિસાલે તહલીલીયા" અને "રિસાલે ફી ઈત્હાત અલ નબુવ્વ્ત"એ સૂફી વિચાને સ્પષ્ટ અને અસરકારક રીતે રજુ કર્યો. ૧૮મી સદીમાં દિલ્હીના સૂફી સંત શાહવલી અલ્લાહે આ બંને સૂફી વિચારધારાઓ વચ્ચે સમજુતી સાધવાનો પ્રયાસ કર્યો. તેમણે કુરાન-એ-શરીફનો મુઘલ ભારતની રાજભાષા ફારસીમાં અનુવાદ કર્યો. આ જ અરસામાં મીર દર્દ જેવા ઉર્દુ શાયરોએ "ઈશ્ક-એ-મિજાજી" (માનવ પ્રેમ)ના સ્થાને "ઈશ્ક-એ-ઇલાહી"ને કેન્દ્રમાં રાખી શાયરીઓની રચના કરી, સૂફીવાદને પ્રજા સુધી પહોંચાડયો. ઈ.સ.૧૧૮૮મા મુલતાન શહેર નજીક કોઠાવાલ ગામમાં જન્મેલ સૂફી સંત ફરીદે ભારતમાં સૂફી પરંપરામાં નોંધ પાત્ર ફાળો આપ્યો. બાબા ફરીદના ઉપદેશાત્મક કથનોમાં જીવનની સરળ ફિલસુફી સમાયેલી હતી.તેમના ગ્રન્થ "સીઅરુલ ઓલિયા"એ યુગમાં લોકોને ઘેલું લગાડ્યું હતું. તેમના સૂફી વિચારો સરળ અને જીવન મુલ્યોને સાકાર કરતા હતા. જેમકે,"શરીરની માંગો પુરી ના કરો. કારણકે તેનું મો બહુ મોટું છે.""મૃત્યુને ક્યારેય, ક્યાય ન ભૂલશો"બાબા ફરીદના આવા સરળ વિચારોએ એ યુગના સાહિત્ય પર ઘાટી અસર કરી હતી. શીખ ધર્મના ધર્મગ્રન્થ "ગુરુગ્રન્થ સાહિબ"માં બાબા ફરીદની વાણી પાંચમાં ગુરુ અર્જુનદેવે અક્ષરશઃ મૂકી. "ગુરુગ્રન્થ સાહિબ"માં ફરીદ વાણીના ૧૨૨ શ્લોકો અને ચાર પદો સમાવિષ્ટ થયા છે. ગુરુ નાનક (ઈ.સ.૧૪૬૯-૧૫૩૯) અને બાબા ફરીદ(ઈ.સ. ૧૧૮૮-૧૨૮૦)વચ્ચે બે ત્રણ શતાબ્દીનું અંતર હોવા છતાં ગુરુ નાનકે "ગુરુગ્રન્થ સાહિબ"માં મુકાયેલ ફરીદવાણી ના એક પણ શબ્દમાં ફેરફાર નથી કર્યો. એ જ બાબત ઇસ્લામ અને સૂફી સંતોના યુગોના પ્રભાવને વ્યક્ત કરે છે. ફરીદ બાબાના શિષ્ય નીઝામુદ્દીન ઓલિયાએ પણ એ પછી સૂફી

પરંપરાને ભારતમાં જીવંત રાખવામાં નોંધપાત્ર પ્રદાન આપ્યું હતું.એ પછીતો સૂફી સંતોની મોટી હારમાળા ભારતના જનજીવન પર પ્રસરી ગઈ હતી. સંત જોજન (૧૫૦૪),કુત્બન (૧૪૯૪), મલિક મોહંમદ જાયસી (૧૪૬૪-૧૫૪૨),ઉસ્માન (૧૬૧૪),રહીમ(૧૬૨૭),નુર મહંમદ (૧૭૪૫) અબ્દુલ કુન્દુસ ગંગોહી (૧૪૫૬-૧૫૩૭), સૂફી સંત નાઝીર (મૃ. ૧૮૨૧), સંત સચલ (૧૭૩૯-૧૮૨૭) અબ્દુલ લતીફ શાહ (૧૬૮૯-૧૭૫૨), બુલ્લેશાહ (૧૬૮૦-૧૭૫૭) જેવા સંતો સૂફીવાદના પાયાના પથ્થર બની રહ્યા 2. કબીર (૧૫૧૮),દાદુ દયાલ (૧૫૭૭), યારી સાહેબ (૧૫૫૬) અને દરિયા સાહેબ (૧૫૭૭)જેવા સૂફીઓને આઝાદ સૂફીઓ કહેવામાં આવે છે. આ સંતો ઇસ્લામ કે સૂફીવાદના કોઈ સંપ્રદાય સાથે જોડાયા ન હતા. છતાં તેમના સાહિત્યમાં સૂફી પરંપરાના ધબકારા મહેસૂસ થાય છે. કબીર લખે છે, "પ્રેમભાવ એક ચાહિયે ,ભેશ અનેક બનાય ચાહે ઘરમે બસ કરે ,ચાહે બન કો જાય "3. એજ લયમાં યારી સાહેબ કહે છે, "બિન બંદગી ઇસ આલમ મૈ, ખાના તુઝે હરામ હૈ રે બંદા કરે સાઈ બંદગી ખિદમત મૈ આઠો જામ હૈ રે " આમ ભારતના સાંસ્કૃતિક અને સાહિત્યક માહોલમાં સૂફી વિચારધારા સુગંધની જેમ પ્રસરતી ગઈ હતી.

3.ગુજરાતના સૂફી સંતો અને તેમનું ગુજરાતી સંત સાહિત્યમાં પ્રદાન

3.૧. ભાષા સમૃધ્ધિ

ભારતના મધ્યકાલિન મુસ્લિમ શાસકોના પાંચસો વર્ષના શાસન (૧૨૦૬-૧૫૨૬)દરમિયાન ગુજરાતના સુલતાનોએ પણ સૂફી સંતોને રાજ્યાશ્રય આપ્યો હતો. આ સંતોના જીવન કવનનો અભ્યાસ કરતા તેમની કેટલીક વિશિષ્ટતાઓ જાણવા મળે છે. જેમ કે , ૧. તેઓનું જીવન સાદગી પૂર્ણ હતું. ૨. તેઓ શુધ્ધ ચરિત્રના માલિક હતા. ૩. તેમના વિચાર અને આચારમાં ભેદ ન હતો. ૪. સામાજિક-ધાર્મિક ભેદભાવથી પર હતા. ૫. હંમેશા ઈબાદત (ભક્તિ)માં લીન રહેતા. ૬. નિઃસ્વાર્થી અને પરોપકારી હતા. ૭. દરેક ધર્મ અને સંપ્રદાયને માન આપતા. તેના સારા વિચારોને સ્વીકારતા 4. સૂફી સંતોના આ લક્ષણોએ ગુજરાતના સંત સાહિત્યના સર્જન અને પ્રસારમાં માં મહત્વનો ભાગ ભજવ્યો છે. હિંદુ-મુસ્લિમ બન્નેના સંત સાહિત્યમાં તેની સ્પષ્ટ અસર જોવા મળે છે. એ યુગમાં ગુજરાતના મુખ્ય સૂફી સંતોમાં શેખ ખત્તું ગંજબક્ષ (૧૩૩૭-૧૪૪૫), સૈયદ બુરાહુદ્દીન અબુ મુહમ્મદ બુખારી ઉર્ફ કુતુબેઆલમ (મૃ.૧૪૫૨), શેખ મહમુદ ઈરજી (મૃ.૧૪૫૮), સૈયદ મુહંમદ શાહેઆલમ (૧૪૧૫-૧૪૭૭), સૈયદ અહેમદ શાહ જહાન શાહ (મૃ.૧૫૯૪), શેખ જમાંલીદ્દીન અત્તા મોહંમદ (મૃ.૧૫૭૮),પીર મોહંમદ શાહ, હઝરત ઉસ્માન અને હઝરત મહેમુદ શાહ બુખારીનો સમાવેશ કરી શકાય. જયારે અર્વાચીન યુગમાં પણ સૂફી સંતોના પ્રભાવનો સિલસિલો યથાવત રહ્યો છે. એ સંતોમાં દાસ સત્તાર શાહ ચિસ્તી , હઝરત અશરફખાન અને હઝરત બદરુદ્દીન જેવા સંતોનો સમાવેશ કરી શકાય. આ તમામ સૂફી સંતો પોતાની સાથે સાદગી ,ભક્તિમય જીવન કે ઉદાર ધાર્મિક વિચારો માત્ર નહોતા લાવ્યા. પણ ગઝલ, રૂબાઈ, નાત અને કવ્વાલી જેવી લેખન શૈલી પણ લાવ્યા હતા. પરિણામે છેક ૧૫મી

સદીથી ગુજરાતી સંત સાહિત્યનું કલેવર બદલવા લાગ્યું હતું. અરબી-ફારસી સાહિત્યના પરિચયને કારણે વ્યવહારની ભાષામાં સેંકડો અરબી-ફારસી શબ્દોનો પ્રવેશ થયો હતો. સમય જતાં એ શબ્દો ગુજરાતી ભાષાના પોતીકા શબ્દો બની ગયા.આવા રોજબરોજના વ્યવહારમાં વપરાતા અનેક શબ્દો મધ્યકાલિન અભિલેખો,ખતપત્રો અને અર્વાચીન ગદ્ય-પદ્ય ગુજરાતી સંત સાહિત્યમાં આજે પણ જોવા મળે છે.5. ગુજરાતનાજાણીતા ભક્તિ સાહિત્યના રચયતા અખો, નરસિંહ મહેતા, મીરાંબાઈ, દયારામ, પ્રીતમદાસ વગેરેની ભક્તિ રચનાઓ અરબી-ફારસી શબ્દોથી શણગારેલી જોવા મળે છે. ગુજરાતી સાહિત્યનો ચોટદાર વ્યંગકાર અખો ગુજરાતના સલ્તનત યુગમાં જ થઈ ગયો. તેની રચનાઓમાં ફારસી શબ્દોનો અસરકારક ઉપયોગ થયેલો જોવા મળે છે. "ગેબી' નિપજ થઈ પિંડ તણી, ત્યારે તું ત્યાં નોતો ધણી " ફારસી ભાષાના ગેબ (ન દેખાય એવી વસ્તુ) શબ્દપરથી ગુજરાતીમાં રૂઢ થયેલો ગેબી શબ્દ આપણી અભિવ્યક્તિમાં પોતીકો બની ગયો છે. લોક સાહિત્યના પ્રખર સંશોધક ઝવેરચંદ મેઘાણી પણ યુગવંદના (પૃ ૩૯)માં લખે છે, "ગેબી, હિમ, અગાધ ઊંડાણ ત્યાં યે આજે આગ લાગી છે ધૂંવાધાર તોપ દાગી છે." એ જ રીતે મીરાંબાઈ (૧૪૫૦-૧૫૪૭) લખે છે, "વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દે જો મીરાંને હાથ અમૃત બની મીરાં પી ગયા જેને સહાય શ્રીવિશ્વની નાથ" પ્યાલા' શબ્દનું મૂળ ફારસીમાં છે. જેના પરથી ગુજરાતીમાં પ્યાલી,પ્યાલો કે પવાલું શબ્દ આવ્યો છે.6 મધ્યયુગના પ્રસિદ્ધ ભક્તિ સાહિત્યના સર્જક પ્રીતમદાસ (સંવત ૧૭૮૦-૧૮૫૪) ના કાવ્યોમાં પ્રભુપ્રેમની પરાકાષ્ટા જોવા મળે છે. "જીભલડી રે તું હરી ગુણ ગાતા, આવડું આળસ ક્યાંથી રે" "હરીનો મારગ છે શુરા નો નહીં કાયરનું કામ જોને " જેવા ભક્તિ ગીતોના સર્જક કવિ પ્રીતમે પણ પોતાના કાવ્યમાં ફારસી શબ્દોને સ્થાન આપ્યું છે "તીરે ઉભો જુવે 'તમાશો' તે કોડી નવ પામે જોને" અહીં વપરાએલ શબ્દ "તમાશો" (ખેલ-ફજેતી-જોણું) ફારસી-ઉર્દુ ભાષાની દેન છે. આપણી બહું જાણીતી કહેવતમાં "તમાશો" શબ્દ એવી રીતે ગોઠવાય ગયો છે,જાણે તે આપણો જ ન હોઈ. 7. "તમાશાને તેડું ન હોઈ" એમ જયારે આપણે બોલીએ છીએ ત્યારે તેના મૂળ છેક મધ્યકાલિન ગુજરાતમાં પડ્યા છે તેની આપણને કલ્પના સુધ્ધાં નથી હોતી.ટૂંકમાં, ઇસ્લામના સૂફી સંતોએ ગુજરાતી સંત સાહિત્યને એક નવો શબ્દ ભંડોળ આપ્યો હતો. આજે પણ એ શબ્દો આપણા સાહિત્યના અવિભાજ્ય અંગ બની ગયા છે.

બે દિવસ પહેલાં, બંધુ શ્રી મુંશીજીના રચનાત્મક પ્રયાસોથી થિયોસોફીના વિદ્વાન મહાનુભાવ - પ્રોફેસર ભગિનીઓ તથા અડિયાર, મુંબઈ, ગુજરાતના પ્રતિભાગી વિદ્વાનોને પણ સાંભળવાની ઉમદા તક મળી હતી. ત્રિવેણી જુમ મિટિંગ મારફત સૂફી દાર્શનિકતા અને થિયોસોફીના તુલનાત્મક અધ્યયન વિશે સુંદર માહિતી ઉપલબ્દ્ધ થઈ શકી હતી. થિયોસોફીના બીજા અને ત્રીજા સિદ્ધાંતને વિશેષત: ધ્યાનમાં રાખી વિદ્વાનોએ મનનીય સંબોધન કર્યાં હતાં. સૂફીઓનું unconditioned હોવું, નિર્બાધપણું અને નૈસર્ગિક જીવન અદ્દભુત રહ્યું છે. અહીં શ્રી કૃષ્ણજીની unconditioned શબ્દની પ્રયોજના -

વિભાવના ખૂબ નિકટવર્તી પ્રતીતિ સન્નિકટ ભાસે છે.

દરેક દર્શનિક વિચારધારાની સાથે આપની સમજણ, મૌલિક ચિંતનની સુગંધ ભળી શકે તો વધુ રોચક અને અર્થસભર બની શકે છે જેના માટે વક્તાનું ઊંડાણપૂર્વક સર્વાંગિક અધ્યયન અસરકારક રીતે સહાયક બની શકે છે.

## આ મોહબ્બતની રાહ લાગે છે,......

આ મોહબ્બતની રાહ લાગે છે,
ત્યાગમાં પણ ગુનાહ લાગે છે.

પ્રેમપંથે શિખામણો છે ગલત,
એજ સાચી સલાહ લાગે છે.

એમ લાગે છે સૌ જુએછે તને,
સૌમાં મારી નિગાહ લાગે છે.

આંખ તારી ઉપર ઠરી ના શકી,
દિલમાં ભરપૂર ચાહ લાગે છે.

તેથી અપનાવી મેં ફકીરીને,
તું ફકત બાદશાહ લાગે છે.

આશરો સાચો છે બીજો શાયદ,
સૌ અધૂરી પનાહ લાગે છે.

કેમ કાંઠો નઝર પડેછે 'મરીઝ'?
કાંઈક ઊલટો પ્રવાહ લાગે છે.

– મરીઝ

***

દર્દ આપ મુજને એવું કે ત્યાગી શકાય ના,
ઊંઘી શકાય ના અને જાગી શકાય ના.

એ બેવફાનો પ્રેમ મળે એ રીતે મને,
ઈચ્છા તો હોય ખૂબ ને માંગી શકાય ના.

આપે તો આપ સ્વર્ગ મને એ પ્રકારનું,
હું પાપ પણ કરું અને ભાગી શકાય ના.


એવું મિલન ન ભાગ્યમાં 'આદમ' કદી મળે,
એને મળું અને ગળે લાગી શકાય ના.

-શેખાદમ આબુવાલા

***

## મહર્ષિ અરવિંદ એક અંતરંગ પરિચય :

ઘોષ, (શ્રી) અરવિંદ (જ. **15** ઑગસ્ટ **1872,** કોલકાતા**;** અ. **5** ડિસેમ્બર **1950,** પુદુચેરી) : વિશ્વનાં વિચારબળો પર પ્રભાવ પાડનાર રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધીજી અને રવીન્દ્રનાથ ઠાકુરની પરંપરામાં બેસતી ભારતીય વિભૂતિ. તેઓ અંગ્રેજી અને ફ્રેન્ચના અધ્યાપક હતા, મહાન રાજકીય નેતા હતા, કવિ અને નાટ્યકાર હતા, સાહિત્યમર્મજ્ઞ અને કવિતાના મીમાંસક હતા, ફિલસૂફ, ભાષ્યકાર અને અનુવાદક પણ હતા. પણ આ સૌ ઉપરાંત તેઓ મહાન યોગી અને દ્રષ્ટા હતા. તેમનું સાહિત્ય પણ એ ઊર્ધ્વ ચેતનામાંથી સર્જાયું છે.



પિતાનું નામ કૃષ્ણધન અને માતાનું નામ સ્વર્ણલતા. પિતા સિવિલ સર્જન હતા. પરદેશમાં ભણેલા. નાસ્તિક હતા. 1879માં કૃષ્ણધન પોતાના ત્રણ પુત્રોને ઇંગ્લૅન્ડ લઇ ગયા અને ડ્રયુએટ કુટુંબમાં મૂક્યા અને સ્પષ્ટ સૂચના આપી કે તેમનો ઉછેર સંપૂર્ણપણે અંગ્રેજી ઢબે થવો જોઇએ અને કોઇ પણ પ્રકારના ભારતીય સંસ્કાર તેમના પર પડવા ન જોઇએ. શ્રીઅરવિંદનું બાળપણ આ રીતે પરદેશમાં પાશ્ચાત્ય સંસ્કારો હેઠળ વીત્યું. 1889માં સેન્ટ પૉલની સ્કૂલમાંથી તેમણે મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી. કેમ્બ્રિજમાં અભ્યાસ કરતા હતા ત્યારે 'ઇન્ડિયન મજલિસ' નામના વિદ્યાર્થી-ગ્રૂપમાં જોડાયા અને ભારતને સ્વતંત્ર કરવાની જોરદાર હિમાયત કરતાં ભાષણો તેમણે કર્યાં. 1892માં ઇન્ડિયન સિવિલ સર્વિસની છેલ્લી પરીક્ષા પસાર કરી, પણ ઘોડેસવારીની પરીક્ષા ન આપવાથી આઇ.સી.એસ. થઇ શક્યા નહિ. વડોદરાના મહારાજા સયાજીરાવ ત્યાં આવેલા. તેમને મળ્યા અને વડોદરા રાજ્યની નોકરી મેળવી. ઈ. સ. 1893ના જાન્યુઆરીની 12મીએ તેમણે કાર્થેજ સ્ટીમર મારફત ઇંગ્લૅન્ડ છોડ્યું અને ફેબ્રુઆરીની 6ઠ્ઠીએ મુંબઇના એપૉલો બંદરે ઊતર્યા. તેમણે જેવો ભારતીય ભૂમિ ઉપર પગ મૂક્યો તેવી એક વિશાળ શાંતિ તેમના ઉપર ઊતરી આવી. આ આધ્યાત્મિક શાંતિ મહિનાઓ લગી રહી.

વડોદરા રાજ્યની નોકરીમાં શ્રીઅરવિંદે મહેસૂલ ખાતામાં, મહારાજાના રહસ્યમંત્રી તરીકે, અંગ્રેજી અને ફ્રેન્ચના અધ્યાપક તરીકે એમ વિવિધ કામગીરીઓ સંભાળેલી. કૉલેજના વાઇસ-પ્રિન્સિપાલપદે પણ નિમાયેલા. 1901માં તેઓ કૉલકાતામાં ભૂપાલચંદ્ર બોઝની સૌથી મોટી પુત્રી મૃણાલિની સાથે લગ્નગ્રંથિથી જોડાયા. વડોદરામાં હતા ત્યારે અંગ્રેજીમાં કાવ્યો લખતા અને તેમનો એક કાવ્યસંગ્રહ પણ પ્રગટ થયેલો. 1904માં મહારાષ્ટ્રીય યોગી વિષ્ણુ પ્રભાકર લેલે પાસેથી તેઓ યોગ શીખ્યા. 1905માં બંગભંગની લડત આવી. બંગાળના ક્રાન્તિકારીઓ સાથે તેઓ ગાઢ સંપર્કમાં હતા. 1907માં સૂરત કૉંગ્રેસ મળી ત્યારે પોતે હાજર રહેલા. તે સમયે તેઓ રાષ્ટ્રનેતા તરીકે પ્રસિદ્ધિ પામી ચૂક્યા હતા. શ્રીઅરવિંદે 'યુગાન્તર' અને 'વન્દે માતરમ્'માં ક્રાન્તિકારી લખાણો લખેલાં. સરકારની તેમના પર ખફા મરજી ઊતરી. 'વન્દે માતરમ્' પર રાજદ્રોહનો કેસ થયો. શ્રીઅરવિંદની ધરપકડ થઇ. જામીન પર છૂટ્યા પછી બંગાળની નેશનલ

પાર્ટીના નેતા તરીકે દેશભરમાં પ્રસિદ્ધિ પામ્યા. મુંબઈ, નાશિક, નાગપુર વગેરે સ્થળોએ જાહેર ભાષણો આપ્યાં. 1908માં તેમના પર અલીપુર બૉમ્બ કેસ થયો અને 1909માં તેમને અલીપુરની જેલમાં મોકલી દેવાયા. અહીં તેમને જે આધ્યાત્મિક અનુભવ થયો એનું વર્ણન તેમણે ઉત્તરપાડા વ્યાખ્યાનમાં કર્યું છે. જેલમાં તેમને '**वासुदेवः सर्वम् इति**'નો સાક્ષાત્કર થયો અને ભગવાને કહ્યું હતું તેમ તેઓ નિર્દોષ છૂટ્યા. પ્રભુએ પોતાના કરણ (instrument) તરીકે તેમને પસંદ કર્યા હોઇ તેમણે એનું કામ કરવાનું હતું. એ પ્રમાણે તેમણે જેલવાસ દરમિયાન ગીતાનું મનન કર્યું અને એનું જે અર્થઘટન કર્યું તે 'ગીતા નિબંધો'માં મળે છે. આ કેસમાં તેઓ 1909માં નિર્દોષ જાહેર થયા અને પછી અંતરના અવાજને અનુસરી 1910માં ફ્રેન્ચ હકૂમત હેઠળના ચન્દ્રનગરમાં ગયા અને ત્યાંથી પુદુચેરી ગયા. તેમનું લેખનકાર્ય તો ચાલુ જ હતું. તેમણે પોતે શરૂ કરેલ 'કર્મયોગિન્' પત્રમાં લખેલા 'ટુ માય કન્ટ્રીમૅન' લેખ માટે તેમના ઉપર રાજદ્રોહનો આરોપ મુકાયેલો અને વૉરંટ પણ નીકળેલું; પરંતુ હાઈકોર્ટે એ લેખને રાજદ્રોહી ન ગણતાં વૉરંટ પાછું ખેંચાયેલું. પછી તેમણે 'હિંદુ'માં એક પત્ર પ્રગટ કરી રાજકારણમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધાની જાહેરાત કરી. 1914માં શ્રીઅરવિંદે 'આર્ય' શરૂ કર્યું અને એમાં તત્વજ્ઞાનવિષયક લેખો ક્રમશ: પ્રગટ થવા લાગ્યા. તેમનાં 'ધ લાઇફ ડિવાઇન', 'ધ સિન્થેસિસ ઑવ્ યોગ', ધ આઇડિયલ ઑવ્ હ્યૂમન યુનિટી', 'ધ હ્યૂમન સાઇકલ', 'ધ ફ્યૂચર પોએટ્રી' વગેરે પુસ્તકોનાં લખાણો સૌપ્રથમ 'આર્ય'માં હપતાવાર છપાયાં હતાં. 'કર્મયોગિન્'માં પણ તેઓ લખતા. 1914ના માર્ચની 29મીએ શ્રીમાતાજી શ્રીઅરવિંદને પ્રથમ વાર પુદુચેરીમાં મળ્યાં. 22મી ફેબ્રુઆરી, 1915ના રોજ તે પાછાં ફ્રાન્સ ગયાં. શ્રીમાતાજીનું 1920માં પુદુચેરીમાં પુનરાગમન થયું. પછી તે ત્યાં જ રહ્યાં. 1922માં તેમણે શ્રીઅરવિંદના નિવાસની બધી વ્યવસ્થા સંભાળી લીધી. 1918માં શ્રીઅરવિંદનાં પત્ની મૃણાલિનીનું અવસાન થયું. 1926ના નવેમ્બરની 24મીએ શ્રીઅરવિંદમાં અધિમનસનું અવતરણ થયું. ત્યારથી આ દિવસ સિદ્ધિદિન તરીકે ઊજવાય છે. હવે તેઓ સાધના માટે સંપૂર્ણપણે નિવૃત્ત થયા. કોઈને મુલાકાત આપતા નહિ. વરસમાં ત્રણ દિવસ જ દર્શન આપતા. આશ્રમનો હવાલો શ્રીમાતાજીએ સંભાળી લીધો. 1930થી 1938 દરમિયાન શ્રી અરવિંદ સાધકોને જે પત્રો લખતા તેમાંથી પણ પુસ્તકો થયાં છે. આ ગાળામાં તેમણે પોતાનું મહાકાવ્ય 'સાવિત્રી' અને અન્ય કાવ્યો લખ્યાં. 1938માં શ્રીઅરવિંદના જમણા પગને અકસ્માત થયો. સાધકો સાથેનો પત્રવ્યવહાર બંધ કર્યો. 1939ના એપ્રિલની 24મીએ તેમણે પ્રથમ વાર દર્શન આપ્યાં. એ પછી આ દિવસ દર્શન-દિન બન્યો. એટલે વર્ષમાં કુલ ચાર દર્શન-દિન થયા. 1940માં બીજા વિશ્વયુદ્ધમાં શ્રીઅરવિંદ અને શ્રીમાતાજીએ

મિત્રરાજ્યોને ટેકાની જાહેરાત કરી અને પોતાની આધ્યાત્મિક શક્તિ મિત્રરાજ્યોના પક્ષે મૂકી. 1947ના ઑગસ્ટની 15મીએ ભારતને સ્વતંત્રતા મળી એ પ્રસંગે ઑલ ઇન્ડિયા રેડિયોને આપેલા સંદેશામાં તેમણે કહેલું : "મારો જન્મદિન અને હિંદની સ્વતંત્રતાપ્રાપ્તિનો દિન આમ એક જ દિવસે બંને આવે છે એ ઘટનાને, એક યોગી તરીકે, હું કોઈ સાદા યોગાનુયોગ તરીકે યા તો કોઈ ગમે તેમ બની આવેલા અકસ્માત તરીકે ગણતો નથી; પરંતુ આ ઘટના દ્વારા હું મારા જીવનના આરંભકાળથી મેં હાથ ધરેલા કાર્યમાં પ્રભુની જે દિવ્ય શક્તિ મારાં પગલાંને દોરી રહી છે તેની સંમતિ નિહાળું છું, એ કાર્ય ઉપર તેની મહેચ્છા અંકાતી જોઉ છું." એ જ સંદેશામાં હિંદના ભાગલા જવા જ જોઈએ અને જશે પણ ખરા જ એવી આગાહી તેમણે કરી હતી. એ જ રીતે ગાંધીજીના નિધનસમયે 'પ્રકાશ છે જ' એમ કહી એમાં સ્થિર થવાનું તેમણે ઉદબોધેલું. અતલ નિરાશા અને વિષાદમાં પણ પ્રભુના આશાકિરણ પ્રત્યે તેમણે પ્રજાને પ્રેરેલી. 'ધ હ્યૂમન સાઇકલ'માં તેમણે ચીન વિશે જે લખ્યું તે પણ ચેતવણીરૂપ હતું. શ્રી અરવિંદના આર્ષદર્શનની એમાં ઝાંખી થાય છે. 1950ના ડિસેમ્બરની 5મીએ તેમણે સમાધિ લીધી. ડિસેમ્બરની 9મીએ આશ્રમના ચોકમાં શ્રીઅરવિંદના દેહને સમાધિ આપવામાં આવી.

રવીન્દ્રનાથ હિબર્ટ લેક્ચર્સ આપવા જતાં પુદુચેરી રોકાયેલા અને શ્રીઅરવિંદને 1928ના ફેબ્રુઆરીની 16મીએ મળેલા. કિશનસિંહ ચાવડા એ વખતે પુદુચેરીમાં હતા. અત્યાર સુધી તેમણે ટાગોરને જોયા ન હતા. શ્રીઅરવિંદને મળવા ગયા ત્યારે પ્રફુલ્લ જણાતા રવીન્દ્રનાથ તેમને મળીને પાછા આવ્યા ત્યારે તેમનાં 'નેત્રો અશ્રુભીનાં હતાં.' આનું રહસ્ય થોડાં વર્ષો પછી કિશનસિંહે ખુદ રવીન્દ્રનાથને જ પૂછ્યું ત્યારે તેમણે કહ્યું : "એ મારા જીવનનો મહાધન્ય પ્રસંગ હતો. તમે મારા અંતઃકરણની મહામૂલ્યવાન પ્રતીતિને સ્પર્શ કર્યો છે. જ્યારે શ્રીઅરવિંદને મળવા ઉપર ગયો ત્યારે વર્ષોથી વિખૂટા પડેલા બંધુને મળવાના ઉત્સાહમાં મારું ચિત્ત હસતું હતું. આનંદ સમાતો ન હતો. જઈને બાથ ભરીને ભેટવા કેટલો ઉત્કંઠિત હતો તે હું જ જાણું છું, પણ ઉપર જઈને મેં જે જોયું તેનાથી હું ગંભીર થઇ ગયો. મારી સામે મારા બંધુને બદલે એક ભવ્ય જીવનવિભૂતિ બેઠી હતી. બાથ ભરવા ખુલ્લા થયેલા મારા બન્ને હાથ અંજલિ બનીને પ્રણમી રહ્યા. જે સહજ હતું. પાછો વળ્યો ત્યારે અહંકાર રડી પડ્યો, પણ અંતરમાં બેઠેલો કવિ શાંત સ્મિતમાં સમાધિસ્થ હતો."

તા. 8 જુલાઈ, 1950ના રોજ કનૈયાલાલ મુનશીની બાબતમાં અપવાદ કરીને શ્રીઅરવિંદે તેમને દર્શન આપેલાં. પોતાનું આ વિરલ સદભાગ્ય વર્ણવતાં તેમણે કહેલું કે તેમણે છેલ્લે એમને 1909માં મુંબઈમાં જોયા હતા; પરંતુ આ વખતે તેમને કંઈક જુદું જ જોવાનું મળ્યું. તેમણે એક પરમ સુંદર વાર્ધક્યનાં દર્શન કર્યાં. એમની આસપાસના

વાતાવરણમાં એક પ્રેરક ગાંભીર્ય ભરેલું હતું. શ્રીઅરવિંદ એક ગાદી મઢેલી ખુરશી ઉપર શાંત અનાક્રમક ગૌરવથી બેઠેલા હતા. એમની આછી એવી સફેદ દાઢી, સરસ ઓળેલા લાંબા સફેદ વાળ, એની વચ્ચે એમની કાંતિમાન મુખાકૃતિ ઓપી રહી હતી. એ અપરિચિત સ્વરૂપ એક પૂજ્યભાવ પ્રેરી રહ્યું હતું. એ પૂજનીયતાના પ્રખર ભારણ આગળ શ્રી મુનશી નમ્ર, અતિનમ્ર બની રહ્યા. એમનાં ચક્ષુની અંદર જ્ઞાન અને પ્રજ્ઞાનો એક ગહન પ્રકાશ પ્રગટી રહ્યો હતો. એમને લાધેલી આત્માની વિશાળ પ્રશાંતિએ એમના આખાય વ્યક્તિત્વને એક ઓજસ્વી મૂર્તિમંત સત્વ રૂપે પલટી નાખ્યું હતું. પણ એ કોઈ વજ્ર વીંઝતું રુદ્ર સ્વરૂપ ન હતું. એ હતું આંતર ચૈતન્યની જ્યોતિથી ઝળહળતું કોક પરમ સ્વરૂપ.

પાંચેક મહિના બાદ તો શ્રીઅરવિંદે દેહ છોડ્યો !

શ્રીઅરવિંદના જીવનકાર્યનો વિચાર કરતાં તેમની જ પંક્તિઓનો ઉપયોગ કરી કહી શકાય :

*જે કો ચાહે ધરણી ઉપરે સ્વર્ગને લાવવાને,*

*તેણે જાતે ધરણી તણી માટી પરે આવવાનું,*

*પૃથ્વી કેરો મલિન પ્રકૃતિબોજ ઉઠાવવાનો,*

*કષ્ટેછાયો વિકટ પથ આ વિશ્વનો કાપવાનો.*

શ્રીઅરવિંદનું જીવનદર્શન તેમની વિચારણામાં, તેમના યોગમાં અને તેમની કવિતામાં પ્રગટ થયું છે. ડાર્વિનના ઉત્ક્રાંતિના સિદ્ધાંતને તેઓ દિવ્યજીવનની રચનામાં આગળ લઈ જાય છે. તેમનો પૂર્ણ માનવ એ નિત્શેનો મહામાનવ (superman) નથી. 'ધ લાઇફ ડિવાઇન'ના 28મા પ્રકરણમાં તેઓ કહે છે : ''માનસિક ખ્યાલ પ્રમાણે અતિમાનવતા એટલે સામાન્ય માનવતાની રેખાને વટાવી ચેતનાનું નવું પ્રસ્થાન સાધવું એમ નહિ; પરંતુ માનવચેતના કાયમ રાખીને એમાં શક્તિની માત્રાનો પ્રચુર વધારો કરવો એ છે. એટલે કે એક વિશાળ બનાવેલી વ્યક્તિતા વડે, એક મોટા બનાવેલા અને અતિશયતાવાળા અહં વડે, મનની વૃદ્ધિ પામેલી શક્તિ વડે, વૃદ્ધિ પામેલી પ્રાણશક્તિ વડે, માનવના અજ્ઞાતમાં કાર્ય કરી રહેલી શક્તિઓની સંસ્કૃત, સઘન અને પ્રચુર અતિશયતા વડે, સામાન્ય માનવતાની રેખાને વટાવી શકાય છે.'' શ્રીઅરવિંદનો અતિમાનવ એ પ્રકૃતિનું રૂપાંતર સંસિદ્ધ કર્યા બાદ જે સાત્વિક તેજ પ્રગટે છે એનાથી ભર્યો ભર્યો લોકહિતકારી અતિમાનવ છે. શ્રીઅરવિંદનો પૂર્ણયોગ એ પ્રકૃતિ સમેત સમગ્ર માનવચેતનાને દિવ્યતામાં પહોંચાડનારી પ્રક્રિયા છે. અગાઉના યોગોમાં પ્રકૃતિ જેમની તેમ રહી જતી અને આત્મા વિકાસ સાધતો. શ્રીઅરવિંદ તો શરીરને પણ દિવ્ય બનાવવાની વાત લઈ આવ્યા. શ્રીઅરવિંદ તો કહે છે કે સમગ્ર જીવન એ યોગ છે. તે કર્મમાર્ગના વિરોધી નથી. યોગમાં સ્થિત રહીને કર્મ કરવાનું કહે છે, પ્રભુના કરણ તરીકે કર્મ કરવાનું છે. શ્રીઅરવિંદ, આ માટે જીવનના પ્રત્યેક પદાર્થને આધ્યાત્મિકતા વડે રસી દેવાનું ઉદબોધે છે.

પ્રાચીન વૈરાગ્યભાવનાના તેઓ પુરસ્કર્તા નથી. તેઓ જીવનનો સ્વીકાર કરે છે. પણ એ તમસલીન જીવનને ધરમૂળમાંથી રૂપાંતરિત કરવાનું છે. શ્રીઅરવિંદની ફિલસૂફીમાં આ રૂપાંતર – Transformation – એ મહત્વનું પગથિયું છે.

શ્રીઅરવિંદે પોતાના યોગમાં શાસ્ત્ર, ઉત્સાહ, ગુરુ અને કાળ – એ ચાર સોપાનોનું મહત્વ દર્શાવ્યું છે. અભિમુખતા – અભીપ્સાનો ઉચિત મહિમા કરીને તેઓ સમર્પણ(surrender)નું મૂલ્ય સમજાવે છે. યૌગિક પ્રક્રિયામાં જાતને ખુલ્લી કરવી, ઊર્ધ્વમાંથી ભાગવત ચેતનાના પ્રકાશને ઝીલવો અને ચેતનાને નીચેથી આરોહિત કરવી વગેરે બાબતો ઉપર ભાર મુકાયો છે. આરોહણ અને અવતરણ બંને મળીને એક પૂર્ણ પ્રક્રિયા બને છે. 'સિન્થેસિસ ઑવ્ યોગ'માં તે પ્રભુના જગતમાં આવિર્ભાવ વિશે કહે છે : "મનુષ્ય પોતાની વર્તમાન અવસ્થામાંથી નીકળી ઊંચી અવસ્થાઓમાં પહોંચતો જાય અને પોતાની જાતને એક પરમ પૂર્ણતા પ્રત્યે ખુલ્લી કરે એ જ રીતે પરમાત્માએ અહીં જગતમાં પોતાનો આવિર્ભાવ કરવો જોઈએ. માણસના આધ્યાત્મિક વિકાસની ગતિમાં તેમજ પ્રક્રિયામાં આવું આત્માનું ઊર્ધ્વ આરોહણ અને આત્મ-ઉદઘાટન અનિવાર્ય રીતે આવતું જ રહે છે... જડતત્વમાં પરમાત્માના ક્રમે ક્રમે થઈ રહેલા અવતરણરૂપી મહારહસ્યમય ઘટના અવશ્ય બનવાની છે એ વાત આવી સિદ્ધ વ્યક્તિઓના પ્રાકટ્યથી સમજાતી જશે. આ સ્થૂળ સૃષ્ટિના સર્જન પાછળનો ગુહ્ય અર્થ શો, આ પૃથ્વી ઉપર જીવન શા માટે જન્મ્યું તેનો જવાબ આ અવતરણમાં – જડતત્વમાં અવતરનારી દિવ્યતામાં રહેલો છે."

શ્રીઅરવિંદે પરિકલ્પેલાં મનસ (mind), અધિમનસ (overmind) અને અતિમનસ(supermind)નાં સોપાનો વિગતે સમજાવ્યાં છે અને સાધનામાં પ્રત્યક્ષ માર્ગદર્શન માટે 'બેઝિઝ ઑવ્ યોગ', 'લાઇટ્સ ઑન યોગ' વગેરે પુસ્તકોમાં ખોરાક, નિદ્રા, રોગપ્રતિકાર વગેરે નાની નાની બાબતો વિશે પણ સ્પષ્ટ સૂચનાઓ આપી છે.

'ધ હ્યૂમન સાઇકલ'માં શ્રીઅરવિંદની આધ્યાત્મિક સમાજની વિભાવના પ્રગટ થઈ છે. શ્રીઅરવિંદનું વિશાળ જીવનદર્શન માનવજીવનના પાયાના પ્રશ્નોની આમૂલાગ્ર ચિકિત્સા કરતું હોઈ સ્વાભાવિક રીતે જ માનવજીવનનાં અનેક પાસાં પર મૌલિક વિચારણા આપે છે.

વિશ્વનું ઉત્પત્તિસ્વરૂપ બતાવતાં સામાન્ય રીતે તો શ્રીઅરવિંદ ડાર્વિનના ઉત્ક્રાન્તિના સિદ્ધાંતને અનુસરતા લાગે છે. વિકાસક્રમ માનસિક સંકલ્પશક્તિ ધરાવતા મનોમય પ્રાણી 'મનુષ્ય' આગળ અટકી જવાનો નથી; પરંતુ મનુષ્ય જે તત્વનો બનેલો છે તે વિશ્વનો આત્મા, આદિ વિચાર, આદિ સંકલ્પ પ્રાપ્ત કરીને મનુષ્ય પોતાની પ્રકૃતિનો સ્વામી બની શકે છે. આથી આગળ જતાં તે વિશ્વરૂપી પ્રકૃતિનો પણ વધુ ને વધુ પ્રમાણમાં સ્વામી બની શકે છે અને તે વખતે અત્યારે તેને

પોતાથી વધુ બળવાન એવી પ્રકૃતિ સાથે જે બાથ ભીડવી પડે છે તે ભીડવાની રહેતી નથી. આ કાર્ય કરવું એટલે કે મન દ્વારા તેમજ મનની ઉપર જઈને, આ સારીયે પ્રકૃતિમાં પોતાને પ્રકટ કરી રહેલા આત્મામાં-આત્મતત્વમાં પહોંચવું, એ આત્મતત્વ સાથે પોતાના સ્વરૂપમાં, પોતાની શક્તિમાં; પોતાનાં ચેતના, સંકલ્પ તેમજ જ્ઞાનમાં એકરૂપ બની રહેલા, એકીસાથે માનવની રીતે તેમજ દિવ્ય રીતે પોતાના અને જગતના સ્વામી બનવું અને આ પ્રભુત્વ તે માનવજીવનના નિયમ અને ધર્મને અનુસરીને પ્રાપ્ત કરવું. પણ તે માનવજીવન એવું હશે કે જે પ્રભુમાં પહોંચીને પોતાની પૂર્ણતા પામ્યું હશે તેમજ પ્રભુની પૂર્ણતાને જે જગતમાં પ્રગટ કરી રહ્યું હશે. જગતનાં યુગચક્રોના સનાતન યાત્રી મનુષ્ય માટે આવું ભાવિ નિર્માયેલું તે જુએ છે. શ્રીઅરવિંદે ડાર્વિનના સંઘર્ષ(struggle)ને જરા જુદી રીતે સ્થાન આપ્યું અને એના 'Natural Selection'ની જેમ માનવના 'સાપેક્ષ સ્વાતંત્ર્ય'ને પણ સ્વીકાર્યું. તેમ છતાં ડાર્વિનથી ઊલટું તેમણે હવે પછીના વિકાસક્રમની અંતરિયાળ અવસ્થાઓનો ચોક્કસ નકશો આપ્યો અને સંશોધનરસ કરતાં કાંઈક વિશેષ એવી અંતર્દૃષ્ટિ(vision)થી મનુષ્યના ભાવિનું સુરેખ ચિત્ર દોરી આપ્યું. ડાર્વિનનો આશય કોઈ ધર્મપ્રણાલીને આઘાત કરવાનો ન હતો છતાં ઈશ્વરના કર્તૃત્વ ને સર્વોપરીતાનો વિચાર જેમાં અનુસ્યૂત છે તે ખ્રિસ્તી સંપ્રદાયને પોતાના પાયા જમીનદોસ્ત થતા લાગ્યા. જ્યારે શ્રીઅરવિંદનો સિદ્ધાંત તર્કસંમત હોવા છતાં એનાં બાહ્ય પરિણામોને અભાવે 'અવાસ્તવિક' લેખાયો એમ પણ બન્યું. એક છેડે ઘણો નક્કર સઘન પદાર્થ જડતત્વ અને બીજે છેડે અતિમનસ ચેતના એની વચ્ચે અનેક અવસ્થાઓ આવે છે. એ બધાંની સિદ્ધિમર્યાદા શ્રીઅરવિંદ તપાસે છે. ભૂમિકા ઐતિહાસિક છે નિ:શંક; પરંતુ જુદાં જુદાં રાષ્ટ્રો, સમાજો કે સભ્યતાઓની વાત તેમાં આવતી નથી.

શ્રીઅરવિંદે આલેખેલી માનવજાતિના ભાવિની વ્યવહારુ પ્રક્રિયામાં 'અધ્યાત્મ નેતાઓ'નો સ્વીકાર છે, પહેલાં અમુક મનુષ્યોમાં અતિમનસનું અવતરણ થશે, પછી એ સિદ્ધાંત (principle) અભિમુખ જનવર્ગ પર કામ કરશે, તેમાં કોઈકને ધાર્મિક વિધિ કે પ્રણાલિકાનો નવી રીતે પુરસ્કાર થતો લાગે એ સંભવિત છે; પરંતુ એ વસ્તુ કદાચ આ આખી વસ્તુનો અંતર્ગત ભાગ છે; જે પ્રયોગનાં પરિણામો માનવજાતિને સામાન્યત: અનુભવમાં આવેલાં નથી એવા દાખલામાં બીજી કોઈ દલીલને અવકાશ હોતો નથી; તેમ છતાં શ્રીઅરવિંદનાં આ વચનો સ્મરણીય છે કે, ''ભૂતકાળમાં જ્યારે જ્યારે આધ્યાત્મિકતાની કોઈ મોટી ભરતી ચડી આવેલી છે ત્યારે ત્યારે તેના પરિણામ રૂપે સામાન્ય રીતે કોઈ એક ખાસ પ્રકારનો નવો ધર્મ ઉદય પામેલો છે. આવો નવો ધર્મ પછી પોતે એક નવી વિશ્વવ્યાપક વસ્તુ છે એમ જાહેર કરીને આખી માનવજાતિ ઉપર પોતાને સ્થાપિત કરવાનો પ્રયત્ન

આદરે છે; પરંતુ આધ્યાત્મિક ભરતીઓનું આ પ્રમાણે આવતું પરિણામ હંમેશાં અકાળે આવેલું તેમજ ખોટું જ હોય છે અને એવા પરિણામે કોઈ ગહન અને ગંભીર વસ્તુને સિધ્ધ કરવાને બદલે ઊલટી એની સિધ્ધિને અટકાવેલી હોય છે... કોઈ અમુક ધાર્મિક માન્યતા તથા સ્વરૂપ આખા જગતમાં વ્યાપક બનવા માટે, આખા જગત ઉપર પોતાને લાદવા માટે મહત્વાકાંક્ષા ધરાવે છે તે વસ્તુ જ માનવપ્રકૃતિમાં રહેલા વિવિધતાના તત્વથી વિરુધ્ધ જનારી છે તથા કંઈ નહિ તો આત્માના એક લક્ષણથી તો ઊલટી જ છે. આત્માનો સ્વભાવ તો એક વિશાળ આંતરમુક્તિનો અને વિશાળ એકતાનો બનેલો છે અને જગતના પ્રત્યેક માનવને આપણે તેની પોતાની પ્રકૃતિના માર્ગે થઈને આ વિસ્તૃત આંતરમુક્તિ તથા વિશાળ એકતામાં વિકસવા દેવાનો છે.''

આધ્યાત્મિક સમાજની કલ્પના શ્રીઅરવિંદના ઉપર્યુક્ત જીવનદર્શનના સ્વાભાવિક પરિણામ રૂપે છે. આધ્યાત્મિક બનેલો સમાજ પોતાની સમાજવિદ્યામાં વ્યક્તિને, સંતથી માંડીને ગુનેગાર સુધીની સર્વ વ્યક્તિઓને સમાજજીવનની વિવિધ સમસ્યા રૂપે નહિ નિહાળે અને એમ ગણીને તે બધાંને કોઈ ખૂબીપૂર્વક રચેલા તંત્રમાંથી પસાર કરી દઈ આખા સમાજ માટે ગોઠવેલા કોઈ એક બીબામાં ઢાળીને હરેકને એકસરખા સપાટ કરી નાખવાનો પ્રયત્ન નહિ કરે, યા તો પછી એ તંત્રમાં તેમને પીસીને નિષ્પ્રાણ કરી દેવા નહિ માગે. આધ્યાત્મિક સમાજની સમાજવિદ્યા વ્યક્તિને આત્મા રૂપે જોશે. એ જોશે કે આ અનેકવિધ કક્ષાઓના આત્માઓમાંથી કેટલાક અવિદ્યાની જાળમાં સપડાઈ ગયેલા છે અને તેથી દુ:ખી દુ:ખી થઈ રહેલા છે, તો કેટલાક પોતાના નૈસર્ગિક વિકાસને માર્ગે આગળ જઈ રહેલા છે, તો વળી કેટલાક વિકાસ પામીને પુષ્ટ બનેલા છે. એ સમાજવિદ્યા દુ:ખી આત્માઓને તેમની દુર્દશામાંથી છોડાવવાનો પ્રયત્ન કરશે. વિકસી રહેલા આત્માઓને તેમના વિકાસપંથે પ્રોત્સાહન આપશે અને વિકસી ચૂકેલા આત્માઓ પાસેથી હજી અવિકસિત રહેલા બાલઆત્માઓ માટે તે શક્તિ તથા સહાય મેળવશે. આધ્યાત્મિક સમાજનું અર્થશાસ્ત્ર માત્ર વસ્તુઓના ઉત્પાદન માટેનું જ એક પ્રચંડ તંત્ર ઊભું કરવા પ્રયત્ન નહિ કરે, પછી તે ભલે સ્પર્ધારૂપનું હોય કે સહકારરૂપનું હોય એ અર્થશાસ્ત્ર માનવોને દરેક વ્યક્તિને માટે શક્ય હોય તેટલા વધુમાં વધુ પ્રમાણમાં પોતપોતાની પ્રકૃતિને અનુસરતો કામનો આનંદ આપવા પ્રયત્ન કરશે, દરેકને પોતાનો આંતરવિકાસ સાધવા માટે જોઈએ તેટલી ફુરસદ આપશે, હરેકને માટે તે એક સાદું છતાં સમૃધ્ધ અને સુંદર એવું જીવન રચી આપશે. આ આધ્યાત્મિક સમાજનું રાજકારણ જગતનાં રાષ્ટ્રોને તેમના આંતરિક વ્યવહારની રીતે જોતાં તે માનવ દ્વારા સંચાલિત તથા રક્ષિત થતાં રાજ્યો રૂપી એક પ્રચંડ મહાયંત્ર જ હોય તેમ નહિ ગણે. એ સમાજમાં માનવ આ મહાયંત્રને જ

પોતાનો ભગવાન સમજી, પોતાનું જ એક વિરાટ સ્વરૂપ સમજી તેની પૂજા નહિ કરે. એ રાજ્યતંત્રને અખંડ રાખવા માટે, તેને સમર્થ બનાવવા માટે, તેને નિત્ય વધુ ને વધુ વિશાળ, વધુ સંકુલ અને વધુ ભારેખમ બનાવવા માટે, એ તંત્રમાં એક યંત્ર જેવી કાર્યક્ષમતા અને સમગ્રતા નિપજાવવા માટે તેનો પોકાર થતાં માનવ એ રાજ્યભગવાનની વેદી ઉપર બીજાઓને વધેરી નાખવા માટે તૈયાર નહિ થઈ જાય તેમજ એ વેદી ઉપર તે પોતાની જાતનો પણ વધ નહિ થવા દે. વળી આ આધ્યાત્મિક રાજકારણ આ રાષ્ટ્રોને તેમના પરસ્પરના સંબંધોમાં એકબીજાને ઉપદ્રવ કરતાં અભદ્ર તંત્રો રૂપે જ નહિ નભાવી રાખે, શાંતિના કામમાં તેમની મારફતે એકબીજા ઉપર ઝેરી વાયુઓ નહિ છોડાવે અને યુદ્ધના કામમાં તેમની પાસે એકબીજાનાં લશ્કરો ઉપર તેમજ કરોડો નિ:શસ્ત્ર માનવો ઉપર ધગધગતા ગોળા નહિ વરસાવે, અત્યારનાં રણક્ષેત્રો ઉપર ભમતી શત્રુની ટૅંકો પેઠે આ રાજ્યોને તે સામા પક્ષના સંહાર માટે નહિ ધકેલે. એ રાજકારણ માનવને આ રીતે રાજ્યતંત્રોને ટકાવી રાખવાના એક સાધન રૂપે જ નહિ ગણતાં હરેક પ્રજાને તે એક સમૂહ આત્માઓ રૂપે ગણશે. એ એમ સમજશે કે જગતની દરેક પ્રજાની પાછળ એક ગુપ્ત દિવ્યતા રહેલી છે અને પોતાના માનવસમુદાયોની અંદર તેણે એ દિવ્યતાને શોધવાની છે. વ્યક્તિની માફક આ રાષ્ટ્રરૂપ સમૂહ-આત્માઓએ પણ પોતપોતાની પ્રકૃતિને માર્ગે વિકાસ સાધવાનો છે; અને એ વિકાસ દ્વારા પરસ્પરને સહાય કરવાની છે; માનવતાના એક સર્વસમાન કાર્યની અંદર આખીયે માનવજાતિને સહાય કરવાની છે. એ તો સ્પષ્ટ જ છે કે છેલ્લાં દોઢસો-એક વર્ષમાં જે રીતે સમાજશાસ્ત્ર વિકસ્યું છે એ રીતે કોઈ મતવિશેષ દર્શાવવાનો શ્રીઅરવિંદનો હેતુ નથી કે તે સમાજ-દાર્શનિક (sociophilosophical) વિચારણા રજૂ કરવા પ્રવૃત્ત થયા હોય એવું પણ નથી. શ્રીઅરવિંદની સમાજશાસ્ત્રવિષયક દૃષ્ટિ હોબ્સ કે મૅકિયાવેલીની માફક વર્તમાનમાં જ પુરાઈ રહેતી નથી કે ટર્ગોટ, લેસિંગ કે ફર્ગ્યુસનની જેમ સામાજિક ફેરફારોમાં ભાગ ભજવનાર નિયમો શોધી કોઈ સામાન્ય વ્યાપ્તિ ઉપર આવવું, તેને જ પર્યાપ્ત માનતી નથી; બલકે, માનવસભ્યતાની સઘળી સંકુલ ગતિઓનો તાગ લઈ, હજારો વરસોના પુરુષાર્થથી માનવજાતિએ વિકસાવેલ બહુરંગી સભ્યતાના ભાવિસ્વરૂપનું ચિત્ર આપવા પ્રવૃત્ત થાય છે.

શ્રીઅરવિંદનું મહાકાવ્ય 'સાવિત્રી' એ પદ્યમાં રચાયેલી એમની મહત્વની કૃતિ છે, જેમ ગદ્યમાં 'લાઇફ ડિવાઇન'. 'સાવિત્રી'ને શ્રીમાતાજીએ 'શ્રીઅરવિંદદર્શનના સર્વોત્તમ આવિષ્કાર' તરીકે વર્ણવ્યું છે. સાવિત્રી 'એક પુરાણકથા અને પ્રતીક' છે. આ મહાકાવ્ય 12 સર્ગમાં રચાયું છે. એનો મુખ્ય વિષય છે મૃત્યુ ઉપરનો વિજય. શ્રીઅરવિંદની પ્રારંભિક કાવ્યકૃતિ 'લવ ઍન્ડ ડેથ'માં પણ આ જ વિષય નિરૂપાયો છે. પ્રિયંવદાના મૃત્યુને પલટવાનું

કાર્ય નાયક રુરુને હાથે થાય છે. પણ 'સાવિત્રી'માં ક્રમ ઊલટો છે. ત્યાં સાવિત્રી યમ ઉપર વિજય મેળવી સત્યવાનને પુનર્જીવિત કરે છે, જ્યારે 'પ્રેમ અને મૃત્યુ'માં રુરુ પ્રિયંવદાના મૃત્યુને પાછું ઠેલે છે. બંને કાવ્યો પુરાણ ઉપર આધારિત છે. 'સાવિત્રી'ની કથા મહાભારતના આરણ્યક પર્વમાં 248મા અધ્યાયથી શરૂ થાય છે. મદ્ર દેશનો રાજા અશ્વપતિ નિઃસંતાન હતો. સંતાનપ્રાપ્તિ માટે તેણે ઉગ્ર તપસ્યા કરી. અઢાર વર્ષ સુધીની તપસ્યાને પરિણામે સાવિત્રીદેવી પ્રસન્ન થયાં અને રાજાને બ્રહ્મા તરફથી એક પુત્ર અને પોતાના તરફથી એક પુત્રી મળશે એવું વરદાન આપ્યું. સાવિત્રીદેવીની કૃપાને પરિણામે પુત્રી જન્મી હોઈ એનું નામ સાવિત્રી રાખવામાં આવ્યું. લગ્નની ઉંમર થઈ પણ સાવિત્રીના પ્રભાવશાળી વ્યક્તિત્વને કારણે કોઈ રાજકુમારે એને માટે માગું મોકલ્યું નહિ. છેવટે પિતાએ સાવિત્રીને પોતાનો જીવનસાથી પસંદ કરી લાવવાનું જણાવ્યું. સાવિત્રીએ ધુમત્સેન રાજાના પુત્ર સત્યવાન ઉપર પસંદગી ઉતારી. પણ દેવર્ષિ નારદે કહ્યું કે સત્યવાન સુયોગ્ય છે પણ હવે એનું આયુષ્ય એક વર્ષનું જ હોવાથી તે સમયે તે મૃત્યુ પામશે. માતાએ એને ઘણું સમજાવી પણ તે પોતાના નિર્ણયમાં અફર રહી અને સત્યવાન સાથે એનું લગ્ન થયું. તે સત્યવાનની સાથે રહેવા લાગી. ભવિષ્યવાણી પ્રમાણે સત્યવાનના આયુષ્યને ત્રણ દિવસ રહ્યા ત્યારે તેણે એક પગ પર ઊભા રહીને ઉપવાસ કર્યા. છેલ્લા દિવસે સત્યવાન જંગલમાં સમિધ લેવા ગયો ત્યારે સાવિત્રી પણ એની સાથે ગઈ. જંગલમાં સત્યવાનનું મરણ થયું. યમરાજ આવ્યા અને સત્યવાનના આત્માને પાશમાં લીધો. સાવિત્રી યમરાજની પાછળ પાછળ ચાલવા માંડી અને યમરાજ સાથે તેની પ્રશ્નોત્તરી થઈ. સાવિત્રીના પ્રશ્નો અને ઉત્તરોથી યમરાજ પ્રસન્ન થયા અને એને સાત વરદાનો આપ્યાં જેમાંનું છેલ્લું સત્યવાનને જીવતદાનનું હતું. આ રીતે મૃત્યુ ઉપર વિજય મેળવીને બન્ને ઘરે પાછાં ફર્યાં. શ્રીઅરવિંદે આ મહાકાવ્યમાં મૂળના કથાવસ્તુને જાળવીને એનું પ્રતીકમાં રૂપાન્તર કર્યું છે. અહીં શ્રીઅરવિંદ જગતની ઉત્પત્તિ વિશે નવી જ વાત કહે છે અને અશ્વપતિનું પાત્ર એક દિવ્ય સત્વ બની જાય છે. તે જાણે કે માનવજાતિના પ્રતિનિધિ તરીકે તપશ્ચર્યા કરે છે. અશ્વપતિ જુદાં જુદાં વિશ્વોની યાત્રા કરે છે અને છેવટે વિશ્વચેતના સુધી એ પહોંચે છે અને આદ્યશક્તિના સંપર્કમાં આવે છે. જ્યાં સુધી પરાશક્તિના પ્રતિનિધિરૂપ કોઈ મનુષ્ય અવતાર નહિ લે ત્યાં સુધી પૃથ્વી ઉપર મૃત્યુ અને અજ્ઞાન ઉપર વિજય મળશે નહિ એમ પરાશક્તિ તેને કહે છે. પરાશક્તિને તે અવતાર લેવા પ્રાર્થે છે. એ પછી સાવિત્રીનો જન્મ થાય છે. આ રીતે સાવિત્રી એક પરાશક્તિનો આવિર્ભાવ બને છે. ચોથા પર્વમાં સાવિત્રીનું શૈશવ, એનું શિક્ષણ વગેરે બાબત આવે છે. અશ્વપતિને સાવિત્રીની દિવ્યતાનો અનુભવ થાય છે. અશ્વપતિ એને પોતાનો પતિ શોધવા જણાવે છે. સાવિત્રી સત્યવાનની પસંદગી કરે છે.

નારદ ભવિષ્યવાણી ઉચ્ચારે છે. મનુષ્યજીવન સાથે દુ:ખ કઈ રીતે જોડાયેલું છે એનું વીગતે નિરૂપણ છઠ્ઠા સર્ગમાં કરવામાં આવે છે. સાતમા સર્ગમાં સાવિત્રી યમરાજનો સામનો કરવા યોગસાધના કરે છે. આમ, આ મહાકાવ્યમાં અશ્વપતિનો યોગ અને સાવિત્રીનો યોગ એમ બે યોગ નિરૂપાયા છે. પછી સાવિત્રીનું સત્યવાનની સાથે જંગલમાં જવું, સત્યવાનનું મૃત્યુ થવું, યમરાજ સાથે ચર્ચા અને વિશ્વક્રમ વિશે વિચારવિમર્શ થાય છે. સાવિત્રી એવું દિવ્ય રૂપ બતાવે છે કે ઈશ્વરી યોજનાને અનુસરતા યમરાજ છેવટે એ દિવ્ય રૂપમાં લય પામે છે. એ પછી સત્યવાન અને સાવિત્રી સત્યલોકમાં આરોહણ કરે છે અને જગતમાં દિવ્યતાનું સામ્રાજ્ય સ્થાપવા પ્રયત્ન કરે છે.

મૌલિક ચિંતન-મનન અને દર્શનની સાથે કાવ્યત્વનું જે અપૂર્વ રસાયણ થયું છે એને કારણે 'સાવિત્રી' અર્વાચીન યુગનું એક મહાન અને વિશિષ્ટ મહાકાવ્ય થઈ રહે છે.

'સાવિત્રી' ઉપરાંત શ્રીઅરવિંદના ઘણા કાવ્યસંગ્રહો પણ પ્રગટ થયા છે. 'સૉન્ગ્ઝ ટુ મર્ટિલા', 'ઉર્વશી', 'લવ ઍન્ડ ડેથ' વગેરે જાણીતા છે. એમનાં 'ઉર્વશી', 'અવિદ્યા-દર્શન', 'વિશ્વક્રીડા', 'અગ્નિ-વિહંગ', 'પલે શાશ્વતી', 'બાજીપ્રભુ' જેવાં કાવ્યો કાવ્યરસિકોનો સમાદર પામ્યાં છે.

શ્રીઅરવિંદનાં વિવેચનાત્મક લખાણોમાં 'The Future Poetry' ગ્રંથ અત્યંત મહત્વનો છે. એ પુસ્તકને કવિતાના કાવ્યજ્ઞોએ વિવેચનમાં એક નવા જ પ્રસ્થાન તરીકે ગણ્યું છે તેનાથી કવિતાના મૂલ્યાંકન માટે નવું જ ધોરણ સ્થપાય છે. આ ગ્રંથ ઉપરથી પ્રૉ. ગોકાકે 'Over head Aesthesis' નામની લેખમાળા લખી શ્રીઅરવિંદના મૌલિક વિવેચનને બિરદાવ્યું હતું. 'ભાવિ કવિતા'ની લેખમાળા 'આર્ય'માં જેમ્સ કઝિન્સના 'ન્યૂ વેઝ ઇન ઇંગ્લિશ લિટરેચર'ના અવલોકન રૂપે શ્રીઅરવિંદે યોજેલી. કાવ્યની પ્રેરણા, કવિતાની પ્રક્રિયા, કવિતાનો ઇતિહાસ, પ્રશિષ્ટ અને અર્વાચીન અંગ્રેજી કવિતાનું રસદર્શન, કવિતાનો છંદોલય અને ગતિ, કાવ્યનો આનંદ વગેરે વિષયોની આ ગ્રંથમાં મૌલિક વિચારણા આપવામાં આવી છે. કવિતાને સમજવાની એ નવી દૃષ્ટિ આપે છે. શ્રીઅરવિંદની કાવ્યવિભાવના મંત્રકવિતાની છે. ઉમાશંકર જોશીના અભિપ્રાય અનુસાર "શ્રી-અરવિંદે તેમની મંત્રકવિતા ભાવના દ્વારા બ્રાહ્મી (મિસ્ટિક) કવિતાનો આદર્શ રજૂ કર્યો છે. સૌંદર્ય કરતાં બીજું ઘણુંબધું રસસંવેદનમાં હોય છે અને રસસંવેદન કરતાં બીજું ઘણુંબધું (દર્શન) ઊંચી કવિતામાં હોય છે, એમ બતાવીને મંત્રકવિતાની નવી દર્શનમીમાંસા એ આપે છે."

અર્વાચીન યુગમાં મહાત્મા ગાંધી, રવીન્દ્રનાથ અને શ્રીઅરવિંદે અસંખ્ય પત્રો લખ્યા છે. શ્રીઅરવિંદના પત્રોના ઘણા ગ્રંથો પ્રગટ થયા છે. તેમના પત્રોના બીજા ભાગમાં સાહિત્યપદાર્થ, સાહિત્યની સર્જનપ્રક્રિયા, સાહિત્યનું મૂલ્યાંકન, વિવિધ

સાહિત્યસર્જકો વગેરે વિશે ઘણી દ્યોતક સામગ્રી મળે છે.

અસ્તુ !

- **દીપક પંડ્યા**

# આધુનિક સમયમાં ધ્યાનની મહત્તા ...

1 સ્થળ અને કાળથી અતીત જવા માટે ધ્યાનની આવશ્યકતા

સામાન્ય રીતે મનુષ્ય સ્થળ, કાળ અને કારણમાં બંધાયેલું પ્રાણી છે. આથી જ મન દ્વારા પૂર્ણ ચેતનાને પામી શકાતી નથી કે જાણી શકાતી નથી. પૂર્ણ સત્યની કે શાશ્વત શાંતિની પ્રાપ્તિ માટે મનથી અતીત જવું જરૂરી છે. અને એ માટે એકમાત્ર ધ્યાન જ અસરકારક સાધન છે. આધુનિક વૈજ્ઞાનિકોએ પણ મનની પ્રગાઢ શાંતિમાં મનની કઈ સ્થિતિ છે, તેની સમજૂતિ ભૌતિક વિજ્ઞાનનાં તથ્યો દ્વારા આ પ્રમાણે આપી છે:

પ્રવાહી હિલિયમ (Liquified Helium) ૨.૧૦ એબ્સોલ્યુટ તાપક્રમ સુધી ઠંડું કરવામાં આવે છે, ત્યારે આશ્ચર્યજનક રીતે તેનો પ્રવાહ એકદમ ઘર્ષણવિહીન થઇ જાય છે. અને આમ થવાથી સાધારણ પ્રવાહી કે વાયુ જેમાંથી પસાર ન થઇ શકે તેવાં અત્યંત નાનાં છિદ્રોમાંથી પણ પ્રવાહી હિલિયમ પસાર થઇ શકે છે. આ ગુણધર્મને સુપરફ્લુયીડીટી (superfluidity) કહેવાય છે. જસત, પારો, ટીટેનિયમ, સીસું, ટીન જેવી ધાતુઓનું તાપમાન જ્યારે 00K જેટલું ઓછું કરવામાં આવે ત્યારે તેમાંથી વિદ્યુતપ્રવાહ કોઈપણ અવરોધ વગર પસાર થઈ શકે છે. ધાતુઓના આ ગુણધર્મને સુપર કન્ડક્ટિવિટી (superconductivity) કહેવાય છે. સુપરફ્લુયીડીટી અને સુપર કન્ડક્ટિવિટી મનની ઘર્ષણવિહીન અને અવરોધવિહીન અવસ્થા સાથે અદ્‌ભુત સામ્ય ધરાવે છે. વળી, તેમાં ધાતુઓના આ બંને ગુણધર્મો એક ડિગ્રી સેન્ટિગ્રેટના સોમા ભાગમાં બદલાઈ જાય છે. તેવી રીતે અવરોધવાળી સ્થિતિમાંથી મન જ્યારે અવરોધવિહીન સ્થિતિમાં પહોંચે ત્યારે મનના ગુણધર્મો બદલાઈ જાય છે. ધ્યાન કાયમ ઘર્ષણ અને અવરોધ સહન કરતા મનને ઘર્ષણવિહીન અને અવરોધવિહીન સ્થિતિમાં લઈ જાય છે. આવી સ્થિતિમાં મનના પ્રસ્થાનને મનનો ક્વોન્ટમ જમ્પ (quantum jump) કહી શકાય. અને એ જાણે કે મનનું ચેતન અવસ્થામાંથી અતિચેતન અવસ્થામાં જવા જેવું છે. મન જ્યારે આ સંપૂર્ણ સઘન સ્થિતિમાં પહોંચે ત્યારે સમય, સ્થળ અને કારણ (Time, space and causation)થી પર થઈ અનંતને આંબી જાય છે અને પરમ સત્યનો સાક્ષાત્કાર કરે છે. શાશ્વત

શાંતિ પામે છે. અલબત્ત, આ ધ્યાનની ઉચ્ચતમ અવસ્થા, સમાધિની અવસ્થાની વાત છે. પણ ધ્યાનનો થોડો ઘણો પણ નિયમિત અભ્યાસ અચેતન મનની બાધાઓને ધીરે ધીરે દૂર કરી પરમ શાંતિ મેળવવાની પ્રક્રિયામાં સહાયભૂત થાય છે. આ રીતે ધ્યાન દ્વારા મનને પરમ શાંતિમાં સ્થિર કરી શકાય છે અને એવા મનથી જે કાર્યો થાય છે, એમાં જીવનની સફળતા રહેલી છે અને જીવનની સૌથી મોટી સફળતા તો પરમ સત્યને પામવાની અને તેમાં જીવન જીવવાની છે. એ સફળતા ધ્યાન જ આપી શકે.

2. ધ્યાન આપે છે આઘાતોમાં સ્વસ્થ રહેવાની શક્તિ

જીવનભરની કમાણી જે બેંકમાં મૂકી હતી અને તેના વ્યાજમાંથી પાછલી જિંદગી સારી રીતે જીવી શકાશે એવી આશા, માધુપુરા બેંક તૂટી પડતાં ભાંગી પડી અને એ આઘાત જીરવી ન શકતી એક વ્યક્તિએ આત્મહત્યા કરી લીધી. એ જ રીતે શેરબજારમાં રોકેલાં નાણાં ડૂબી જતાં પણ આત્મહત્યા કર્યાનાં ઘણાં ઉદાહરણો જોવા મળે છે. એકના એક પુત્રના મૃત્યુનો આઘાત ન જીરવાતાં પાગલ થઈ ગયાનાં ઉદાહરણો પણ મળે છે. જીવનની આવી વિષમ સ્થિતિઓમાં એ જ મનુષ્યો સ્વસ્થતાપૂર્વક ટકી શકે છે અને મુશ્કેલીઓનો હિંમતભેર સામનો કરી શકે છે, જેઓ પોતાના રોજિંદા જીવનમાં નિયમિત ધ્યાનનો અભ્યાસ કરતા હોય કેમ કે ધ્યાનથી તેમની આંતર્ચેતના જાગૃત રહે છે, વિવેકશક્તિ જાગૃત થાય છે, ઊંડી સમજ આવે છે, બાહ્ય ઘટનાઓને મૂલવવાની એક દૃષ્ટિ આવે છે અને એટલે જ જે સંજોગોમાં સામાન્ય મનુષ્યો નાસી છૂટવાનો કે આત્મહત્યાનો માર્ગ લે છે એ સંજોગોમાં ધ્યાનનો નિયમિત અભ્યાસ કરનાર મનુષ્ય સહેલાઈથી આઘાત પચાવી જાય છે અને મુશ્કેલીઓ પાર કરી જાય છે. સ્વામી વિવેકાનંદનાં શિષ્યા માદામ કાલ્વેનું જીવન આ અંગે પ્રત્યક્ષ ઉદાહરણ પૂરું પાડે છે.

ફ્રાન્સમાં માદામ કાલ્વે સુવિખ્યાત ગાયિકા હતાં. તે સમયે તેઓ શિકાગોના ઓપેરા થિયેટરમાં સંગીતનો કાર્યક્રમ આપી રહ્યાં હતાં. લોકોએ તાળીઓના ગડગડાટથી એમના સંગીતને વધાવી લીધું. પણ કોણ જાણે કેમ તેમને હૃદયમાં બેચેની થવા લાગી. હતાશાનો ભાવ તેઓ અનુભવવા લાગ્યાં અને તેમને મનમાં થતું હતું કે કાર્યક્રમ ટૂંકાવીને જતાં રહે. પણ લોકોના દબાણથી તેમણે બધા કાર્યક્રમો પૂરા કર્યા અને એ એમનો સર્વશ્રેષ્ઠ કાર્યક્રમ રહ્યો. પછી લોકોની પ્રશંસા સાંભળવાની પરવા કર્યા વગર તેઓ ખૂબ ઝડપથી ગ્રીન રૂમમાં ચાલ્યાં ગયાં અને ત્યાં ખૂબ દુ:ખદ અને આઘાતજનક સમાચાર એમની રાહ જોઈ રહ્યા હતા. એ સમાચાર હતા એમની એકની એક દીકરી, એમના જીવનનો એકમાત્ર સહારો,

જે સમયે તેઓ પોતાના જીવનનો સર્વશ્રેષ્ઠ કાર્યક્રમ આપી રહ્યાં હતાં ત્યારે બળીને મૃત્યુ પામી હતી.

તેમના માટે આ આઘાત અસહ્ય હતો. પુત્રીનો વિયોગ તેઓ સહી શકે તેમ નહોતાં એટલે તેઓ પણ આત્મહત્યા દ્વારા પોતાનું જીવન ટૂંકાવવા વિચારી રહ્યાં હતાં. તેમની સહેલીએ તેમને સમજાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો પણ તેઓ કોઈ પણ રીતે આઘાતમાંથી બહાર નીકળી શક્યાં નહીં ત્યારે તેમની સહેલીએ તેમને કહ્યું કે અહીં હિન્દના યોગી સ્વામી વિવેકાનંદજી આવ્યા છે. તું એક વાર તેમને મળ. તને સાચી શાંતિ મળશે, પણ તેઓ એમ કરવા માટે પણ તૈયાર થયાં નહીં અને આત્મહત્યા કરવા માટે તળાવમાં પડવા માટે ગયાં. પણ આશ્ચર્યની વાત એ કે તેમણે ચાર ચાર વાર જીવનનો અંત લાવવાનો પ્રયત્ન કર્યો પણ ચારેય વખત તેમણે પોતાના મનની અર્ધચેતન અવસ્થામાં સ્વામી વિવેકાનંદના નિવાસસ્થાને જવાના રસ્તે પોતાને ઊભેલાં જોયાં એટલે દરેક વખતે તે પોતાના ઘરે પાછાં ફરતાં હતાં. ઇચ્છવા છતાં પણ આત્મહત્યા કરી શક્યાં નહિ અને પાંચમી વખત તો તેઓ જાતે જ અજ્ઞાત રીતે સ્વામી વિવેકાનંદના નિવાસસ્થાને પહોંચી ગયાં. નોકરે દરવાજો ખોલ્યો, તેઓ અંદર ગયાં અને ત્યાં દીવાનખાનામાં એક ખુરશી ઉપર બેસી પડ્યાં. થોડી જ વારમાં પાસેના ઓરડામાંથી ધીર ગંભીર મધુર અવાજ સંભળાયો: ‘દીકરી, ગભરાઈશ નહીં, અંદર આવ.’ અને તેઓ યંત્રવત્ સ્વામી વિવેકાનંદના અભ્યાસખંડમાં પ્રવેશ્યાં. તેમણે સ્વામીજીને ખુરશી ઉપર બેઠેલા જોયા. ત્યાં તો સ્વામીજી ફરી બોલ્યા, ‘દીકરી, શાંત થા.’

સ્વામીજીની પ્રશાંત મુખમુદ્રા અને મધુર શબ્દોએ એમના ઉપર જાદુઈ અસર કરી. આટઆટલા દિવસોથી મનમાં રહેલાં ભય, હતાશા, અશાંતિ જાણે ક્યાંય ચાલ્યાં ગયાં અને એમને થયું કે જીવન જીવવા જેવું છે. સ્વામીજીની ધ્યાનાવસ્થાના પ્રભાવે એમનું ચિત્ત શાંત થઈ ગયું. અને પછી તો તેઓ પણ ધ્યાન કરવા લાગ્યાં અને ધ્યાન દ્વારા તેમણે જીવન જીવવાની શક્તિ પ્રાપ્ત કરી લીધી. આ રીતે ધ્યાન જીવનથી હારી ગયેલા, થાકી ગયેલા, નિરાશ થયેલા મનુષ્યોને નવું જીવન બક્ષે છે અને એમની આંતર્શક્તિઓ પ્રગટ કરે છે. એટલું જ નહીં પણ ધ્યાન દ્વારા તેમને જીવનનો સાચો રાહ પણ મળે છે.

**- સ્વામી નિખિલેશ્વરાનંદજી**

## ચિન્તન સંસ્કાર :

સંસ્કાર એ માનવીના પરિવારનું પ્રતિબિંબ છે. સંસ્કાર એ વ્યક્તિની સાથે તેના પરિવારનું પણ પ્રતિબિંબ છે. બાળકના જીવનઘડતરમાં

નાનપણથી જ તેનું સિંચન કરવું જોઇએ. જેમ ખેતરમાં પાક લેવા માટે ખેડવું, બિયારણ તેમજ ખાતર નાખવું, નિંદામણ કાઢવું, વરસાદની રાહ જોવી-વરસાદ મોડો થાય તો પાણ પાવું વગેરે. જ્યારે મોલ બેસે છે ત્યારે ખેડૂત આનંદિત થાય અને ઉપજ આવે ત્યારે હૃદય આનંદથી ઝૂમી ઊઠે છે. આજ બાબત આપણાં સંતાન પ્રતિ હોય છે. સંતાનરૂપી પાક જ્યારે સમાજમાં ખ્યાતિ પામે ત્યારે મા-બાપનું હૈયું હર્ષથી ખીલી ઊઠે છે. આના માટે બાલ્યકાળથી સંસ્કાર-સિંચન જ શ્રેષ્ઠ છે. સંસ્કાર એટલે કેળવણી. તેનો પ્રતાપ માનવીના જીવનમાં ચોક્કસ પ્રસ્થાપિત થાય છે. સામાન્યતઃ એવી માન્યતા હોય છે કે કેળવણી અને સંસ્કાર શાળામાંથી જ પ્રાપ્ત થાય પણ તે માન્યતા સત્યથી વેગળી છે. સંસ્કારનો પાયો તો માત્ર ને માત્ર ઘર જ છે. માટે ઘરનું વાતાવરણ સંસ્કારી રાખવું જરૂરી અને આવશ્યક છે. માટે ઘરમાં હંમેશાં સારું અને ધાર્મિક સાહિત્ય રાખો, તો બાળક વાંચવા પ્રેરાય જ. વળી ઘરમાં ખોટું બોલવું, વાતે વાતે એક બીજા માટે બીનજરૂરી ટીકાત્મક વાતો કરવી, આવી બાબતો કુમળી વયના બાળકોના માનસ પર તરત અસર કરતી હોય છે. આપણી રહેણીકહેણી, વાતચીત, રીતરસમ વગેરે બાળકના સંસ્કારમાં ઊતરતાં જ હોય છે. ઘણા લોકો ફોન પર બીનજરૂરી ખોટું બોલે, કારણ વગર બનાવટ કરે, કોઇ તાત્પર્ય ન હોવા છતાં તથ્ય વગરની મોટી મોટી વાતો કરે-આવી છેતરવાની પ્રવૃત્તિઓ કદી ન કરવી કારણ કે પરિવારમાં આવી પ્રવૃત્તિ કરશો તો તેની અસર નાના બાળકો ઉપર ચોક્કસ થશે જ. આ પરિવારનું આજનું બાળક આવતીકાલના આપના પરિવારની મોભાદાર વ્યક્તિ બનવાની જ છે. આમ તેના ભવિષ્ય પર જે અસર થઇ તેને જ સંસ્કાર કહેવાય.

આપણા પરિવારમાંથી સુસંસ્કાર મેળવેલ વ્યક્તિ સમાજ, પરિવાર, કુટુંબ, સમગ્ર રાષ્ટ્રમાં દીપી ઊઠવી જોઇએ. હંમેશાં યાદ રાખજો કે જો પાયો મજબૂત હોય તો જ ઇમારત મજબૂત રહેશે. બાળકોને હંમેશાં એવું શિક્ષણ આપવું કે તેઓ વડીલોને માન આપે, વડીલોની માનમર્યાદા રાખે, ખોટું ન બોલે, ખરાબ કે કટુવાણી ન બોલે. પરિવારના દરેક સભ્યે ટી.વી.માં આવતા સંસ્કારી કાર્યક્રમ નિહાળવા. ભોજન પણ માનવીના જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે. સુંદરતા માટે ખોટા ખર્ચા કે ઠઠારો જરૂરી નથી, પરિવારમાં સાદાઇને પ્રાધાન્ય મળે તેવી વાતો કરવી. માભો તો સાદાઈમાં પણ પડે, જો સંસ્કાર હોય તો.

બાળકોને કાયમ સમજાવવા કે ખોટી લાલચ-લોભમાં કદી ન સપડાવું. સાથે એ પણ શિખવાડવું કે લુચ્ચા કે તકવાદી માણસોથી દૂર રહેવું, છેતરપિંડી દ્વારા કદી કોઇ કાર્ય ન કરવું. આવું બધુ જીવનમાં ઉતારવાથી બાળકનો

આત્મવિશ્વાસ આવા ઉચ્ચ સંસ્કાર થકી ટકી રહેશે.

એટલું ચોક્કસ છે કે બાળકના સંસ્કારમાં ઘરનું વાતાવરણ, રહેણીકહેણી અને રીતરિવાજ અગત્યનો ભાગ ભજવે છે. માટે ઘરનું વાતાવરણ શુધ્ધ, ધર્મમય અને નીતિમય રાખવાથી આવનારી પેઢી ચોક્કસ સંસ્કારી અને સમાજમાં નામ ઉજ્જવળ કરનારી બનશે જ.

**ડો. રાજેશ એચ. ત્રિવેદી**

શ્રીરામકૃષ્ણ જ્યોત અંક : October 2021

## 'પરહિત સરિસ ધરમ નહી ભાઈ,'

આજે સંપૂર્ણ સમાજ દૂ:ખી છે કેમ કે સમાજનો મોટા ભાગનો વર્ગ પોતાના અંગત સ્વાર્થોથી બંધાયેલો છે .તે કોઇ પણ કાર્ય કરતાં એમાં પોતાનો સ્વાર્થ શોધે છે .આજે એક વ્યક્તિ બીજા વ્યક્તિને નષ્ટ કરવા પર તત્પર છે .આ બધાનું મૂળ કારણ છે-લોકોમાં પરોપકારની ભાવનાનો અભાવ ..ગોસ્વામી તુલસીદાસજી એ ધર્મ-અધર્મની પરિભાષા સ્પષ્ટ કરતાં કહ્યું છે કે "॥ પરહિત સરિસ ધરમ નહીં ભાઇ ,પરપીડા સમ નહીં અધમાઇ ॥ બીજાઓ માટે કરવામાં આવતા કાર્યોને પરોપકાર કહેવામા આવે છે .પર + ઉપકાર એ બે શબ્દો મળીને પરોપકાર શબ્દ બન્યો છે.એનો અર્થ થાય છે બીજાઓનું હિત . પરોપકાર એ મનુષ્યના હ્રદયમાં નિવાસ કરવાવાળો એક દૈવી ગુણ છે .આ ગુણ દયા-પ્રેમના વ્યાપક સંયોગથી પેદા થાય છે .હંમેશાં પોતાનું જ વિચારવાવાળા અને જેમની આંખો પર સ્વાર્થનો પડદો પડેલો હોય એવા વ્યક્તિઓ પરોપકારનો અનુભવ કરી શકતા નથી .

સંસ્કૃતમાં જાણીતું સુભાષિત છે

પરોપકારાય વિભાતિ સૂર્ય :પરોપકારાય ફલન્તિ વૃક્ષાઃ ।

પરોપકારાય વિહન્તિ નદ્ય :પરોપકારાય સતા વિભૂતયઃ॥

અર્થાત પરોપકાર માટે સૂર્ય પ્રકાશે છે ,નદીઓ વહે છે ,વૃક્ષો ફળ આપે છે તથા સંતો કાર્યરત રહે છે .સૂર્ય ,ચંદ્ર,વાદળો ,વૃક્ષ,નદી,ગાય અને સજ્જનો આ સૌ આ યુગમાં પરોપકાર અર્થે સર્જાયેલા છે .પરોપકારનું ક્ષેત્ર અત્યંત વ્યાપક છે.વિદ્વાન પુરુષ પોતાની વિદ્યા દ્વારા અશિક્ષિતોને શિક્ષિત કરીને દેશ,જાતિ તથા સમાજનો પરોપકાર કરી શકે છે.શરીરથી હૃષ્ટપુષ્ટ વ્યક્તિ પોતાની શારીરિક શક્તિથી પરોપકાર કરી શકે છે .તે ગરીબ અને શોષિત અને પીડિત વ્યક્તિ પર અત્યાચાર કરવાવાળાઓનો પ્રતિકાર કરી તેમને બચાવે છે .શ્રીમંતો ગરીબોની સહાયતા કરે છે.કોઇ દુ:ખી મનુષ્યને ધૈર્ય

બંધાવવું,તરસ્યાને પાણી પાવું,અંધને માર્ગ બતાવવો એ પણ પરોપકારના કાર્યો જ છે. 'પરોપકાર એ સજ્જનોનું વ્યસન હોય છે- પરોપકારએ સજ્જનોનો વૈભવ છે .કવિ કાલીદાસે 'શાકુંતલ'માં લખ્યું છે કે ફળ આવવાથી વૃક્ષો નીચાં નામે છે,વાદળાં પાણી ભરીને નીચે લટકે છે .પરોપકારીઓનો આ સ્વભાવ છે .

પરોપકાર એટલે અન્ય માટે મદદ,હિત કે સારૂ કરવાનો કલ્યાણકારી પ્રયાસ. .કહેવાય છે કે પરોપકારમાં જ બધા તીર્થધામો વસ્યા છે.બુરાઈ સામે ભલાઈનો જીવનમંત્ર બને તો કલ્યાણનાં દ્વાર ખૂલે છે.ભલા માણસનો જીવનમંત્ર ભલું કરવાનો જ હોય છે.આપણે કોઈ પર કરેલ ઉપકારને યાદ રાખવો નહીં કે યાદ કરાવવો પણ નહીં .પરોપકારમાં પહેચાનની જરૂર નથી. પરોપકાર ગમે ત્યારે ,ગમેતેના ઉપર અને ગમે ત્યાં થઈ શકે છે .પરોપકારનું પવિત્ર ઝરણું અંતરમાંથી વહેતું હોય છે .પરોપકારમાં સ્વાર્થ કે અંગત હેતુ હોતો નથી .પરોપકાર કરનાર કોઈ માગણી કે શરતો રાખતો નથી .પરોપકાર સાહજિક હોય છે - સ્વાભાવિક હોય છે .

વૃત્તાસુર નામે એક શક્તિશાળી રાક્ષસ સ્વર્ગલોકમાં આતંક મચાવ્યો.ઇન્દ્ર સહિત બધા દેવો તેનાથી ત્રાહિમામ પોકારી ગયા .ઇન્દ્રને હરાવી આખા સ્વર્ગ પર તેણે પોતાનો અધિકાર જમાવી દીધો.દેવોના રાજા ઇન્દ્રને આખરે સંતાઇ જવું પડ્યું.બધા દેવો ભગવાન વિષ્ણુને શરણે ગયા.ભગવાન વિષ્ણુએ કહ્યું કે દધીચિ ઋષિનાં અસ્થિમાંથી વજ્ર બનાવી વાપરો તો જ વૃત્તાસુર સામે વિજય મેળવી શકાશે .ઇન્દ્ર દધીચિ પાસે ગયા અને બધી વાત સમજાવી . દધીચિએ રાજી થઇ પોતાનો દેહ દેવોને સ્વાધીન કર્યો .એમના અસ્થિમાંથી વજ્ર બનાવી વૃત્તાસુર પર વિજય મેળવ્યો .દધીચિ ઋષિએ પરોપકાર માટે શરીરનું દાન આપી દીધું એ ઘટના પરોપકારનું શ્રેષ્ઠ ઉદાહરણ છે .

દરેક વ્યક્તિની એ જવાબદારી છે કે એણે સમાજ પાસેથી જેટલું મેળવ્યું છે એટલું સમાજને પરત કરવાનો પ્રયત્ન કરે .ચાણક્ય પણ એવું કહેતા હતા કે પરોપકાર એજ જીવન છે .જે શરીરથી પરોપકાર ન થઈ શકે એ શરીરનો શો ઉપયોગ ? ગોસ્વામી તુલસીદાસની ઉક્તિ 'પરહિત સરિસ ધરમ નહી ભાઈ,પરપીડા સં નહી અધમાઈ . પરોપકારથી આગળ વધીને બીજો કોઈ ધર્મ નથી અને કોઈને પણ દૂ:ખ પહોંચાડવા સમાન કોઈ બીજો અધર્મ નથી .પરોપકારથી મોટું કોઈ પુણ્ય નથી . જે વ્યક્તિ પોતાની ચિંતા કરવાને બદલે અન્ય માટે કામ કરે છે એ જ સાચા અર્થમાં મનુષ્ય છે .પરોપકારી પોતાના લાભને– ફાયદાને ધ્યાનમાં રાખી પરોપકાર નથી કરતો.એનું હ્રદય અને મન સાફ હોય છે.એની આત્મા તેજોમય હોય છે .પરોપકારનો અર્થ છે બીજાનું ભલું કરવું

.ભગવાને આપણને જે શક્તિઓ અને સામર્થ્ય આપ્યું છે એનો બીજાઓનાં દૂ:ખ અને દર્દ દૂર કરી તેમનું કલ્યાણ કરવાનો છે .પ્રકૃતિના કણ કણમાં પરોપકારની ભાવના જોવા મળે છે.સૂર્ય ,ચંદ્ર,વાયુ, વૃક્ષો,નદી, હવા,વાદળ આ બધાન તત્વો કોઇ પણ જાતના સ્વાર્થ વગર માનવ જાતની સેવામાં લાગેલાં છે.સૂર્ય કોઇ પણ જાતના સ્વાર્થ વગર પૃથ્વીને જીવન દેવા માટે પ્રકાશ આપે છે.ચંદ્રમા પોતાના કિરણોથી આપણને શીતળતા અર્પે છે .વાયુ પોતાનામાં રહેલા પ્રાણવાયુથી પૃથ્વી પરના પ્રત્યેક જીવને પ્રાણવાયુ પ્રદાન કરે છે. .તો વાદળો સર્વને જળ રૂપી અમૃત પૂરું પાડે છે .આ બધા તત્વો યુગો યુગોથી નિસ્વાર્થપણે કોઇપણ જાતના બદલાની અપેક્ષા વગર માનવજાત અને સમગ્ર સૃષ્ટિનું કલ્યાણ કરી રહ્યાં છે .

**વાસ્તવમાં** પરોપકારથી જ ભગવાન તરફનો માર્ગ ખૂલે છે .માનવી જેટલો પરોપકારી બને છે એટલો તે ઈશ્વરની નજીક જાય છે .ઈશ્વર મનુષ્યને કહે છે કે તું મને મંદીરમાં શોધીશ નહી. હું ઇચ્છું કે તું નર રૂપી નારાયણની સેવા કર ,ત્યાં તને હું મળીશ..હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે નરની સેવા વગર નારાયણ પ્રાપ્ત થઈ શકે ? વાત્સવમાં જીવમાત્રની સેવા જ ઈશ્વરની સાચી સેવા છે . કેટલાય સંતોના જીવન આનાં ઉજ્જવળ ઉદાહરણો છે જેઓએ જીવમાત્રની સેવા કરીને ઈશ્વરને પ્રગટ થવા મજબૂર કરી દીધા હતા . ભગવાન ધન-દોલત,સોનુ-ચાંદી વગેરે ચઢાવવાથી પ્રસન્ન થતાં નથી પરંતુ પ્રાણીમાત્રની થોડીક સાચી સેવાથી પ્રસન્ન થાય છે .

પોતાની ઉન્નતિનો એક માત્ર ઉપાય છે પ્રાણીમાત્રની સેવા.આપણે જો માત્ર આપણો જ વિચાર કરવાને બદલે બીજાની ભલાઈનો વિચાર કરીશું તો કોઈ સમસ્યા બાકી નહીં રહે .ભગવાને આપણને કોઈ પણ વસ્તુ માત્ર આપણા પોતાના અંગત ઉપયોગ માટે નથી દીધી.પણ એનાથી અન્ય લોકોનું વધુમાં વધુ ભલું કરવાનો ખ્યાલ પણ રાખવાનો છે .પરોપકારી વ્યક્તિ જ સાચી શાંતિ પ્રાપ્ત કરી શકે છે .અને ઈશ્વરને પ્રાપ્ત કરી શકે છે . અને એ રીતે વિશ્વનું કલ્યાણ કરી શકે છે .

**--વસંતભાઇ નાયક**

**(1)**

# પ્રેમ, સહકારનો રિવાજ નથી..

પ્રેમ, સહકારનો રિવાજ નથી,

દુઃખનો સાથી હવે સમાજ નથી.

એવું કહીને સતત મને ટાળ્યો,

હું તો પથ્થર છું પોખરાજ નથી.

વાત તારીય સાવ સાચી દોસ્ત !

કોણ અહીંયાં ગણતરીબાજ નથી !

લોકોને ના ગમું સ્વાભાવિક છે,

જીહજૂરી અગર મિજાજ નથી.

શબ્દ જાણી ગયા છે સચ્ચાઈ,

સત્યનું મૂલ્ય ઝાઝું આજ નથી.

ભયથી પીંછાં ખરી રહ્યાં તોયે,

પીંજરામાં તો કોઈ બાજ નથી.

પૂછે છે ખુદ તબીબ ભૂવાને,

પ્રેમનાં દુઃખનો કંઈ ઈલાજ નથી ?

પ્રશ્ન 'નાશાદ' રોજ સજદામાં -

કેમ ફળદ્રુપ હજી નમાજ નથી ?

**(2)**

## જિંદગી હળવાશને ઝંખે...

જિંદગી હળવાશને ઝંખે, રવાની જોઈએ છે, મળશે કે ?

મહેરબાની ઓ ખુદા તારી મઝાની જોઈએ છે, મળશે કે ?

નારિયેળો ફોડનારી ખુદ પ્રથા પૂછી રહી છે પ્રશ્ન એ,

ન્યાયના જીવંત હોવાની નિશાની જોઈએ છે, મળશે કે ?

શુષ્ક ને નીરસ જીવન રોમાંચની ચાહત કરે છે એટલે,

આ હૃદયને રક્ત પણ થોડું તૂફાની જોઈએ છે, મળશે કે ?

લયલા-મજનૂ, હીર-રાંઝા, સોહની-મહિવાલ, અંતે તું અને હું,

હો સફળ એવી પ્રણયવાળી કહાની જોઈએ છે, મળશે કે ?

તાપ ને દુષ્કાળ, વર્ષા-પૂર, ધરતીકંપ ને એવું જ કંઈ,

ઓ ગગન ! તારી કનેથી મહેરબાની જોઈએ છે, મળશે કે ?

આજે લાગે છે અનુભવથી, કરેલી ભૂલો વાળી પણ શકું,

એક બે ક્ષણ માટે વીતેલી યુવાની જોઈએ છે, મળશે કે ?

કોણ છે ? કેવો છે ? તારો મારો ઈશ્વર એ કહે વિસ્તારથી,

ખુલ્લેખુલ્લું સત્ય બોલે એવો જ્ઞાની જોઈએ છે, મળશે કે ?

ભીડ એ દી'થી બહુ નારાજ છે મારા નિખાલસ પ્રશ્નથી,

મારે મારા જેવો કોઈ ખાનદાની જોઈએ છે, મળશે કે ?

માત્ર જેનાં આગમનથી થઈ જતું વાતાવરણ પાવક તુરંત,

માહિતી મારે સુગંધિત એ હવાની જોઈએ છે, મળશે કે ?

પૂછે છે 'નાશાદ' ન્યાયાલયના પીંજરમાં ઊભો લાચાર થઈ,

આજે મારા પક્ષે એક સાચી જુબાની જોઈએ છે, મળશે કે ?

- **ગુલામ અબ્બાસ 'નાશાદ'**

## ત્યારની વાત છે...

વાત કરતાં હતા ત્યારની વાત છે,

આપ ગમતાં હતાં ત્યારની વાત છે.

ટેડી સમજી મને આપ આખો દિવસ,

ખૂબ રમતાં હતાં ત્યારની વાત છે.

આંખનાં પાણીને રોકી રાખી અમે,

ડેમ ભરતાં હતાં ત્યારની વાત છે.

આભમાં, આંખમાં, યાદમાં, હાથમાં,

નામ લખતાં હતાં ત્યારની વાત છે.

આ બધાથી હવે કોઈ મતલબ નથી,

પ્રેમ કરતાં હતાં ત્યારની વાત છે.

- - - **મુકેશ પરમાર**

## આત્મનિરીક્ષણ

આ સંસારમાં આપણે જોઈએ છીએ કે... વિવિધ સ્વભાવ, વિવિધ રીતભાત અને વિવિધ ટેવો-કુટેવો ધરાવતા અનેક લોકો રહે છે. એક ચિંતકે એવાં બધાં પ્રકારનાં લોકોનો અભ્યાસ કરીને - વિચારીને માત્ર ચાર પ્રકારમાં એને વહેંચ્યા છે તે જોવા જેવું છે :-

(૧) જે બીજાનાં દુઃખે સુખી પણ બીજાનાં સુખે દુઃખી રહેતાં હોય તે - શેતાન.

(૨) જે પોતાનાં દુઃખે દુઃખી અને પોતાનાં જ સુખે સુખી હોય તે - પશુ.

(૩) જે બીજાનાં દુઃખે દુઃખી હોય પણ બીજાનાં સુખે સુખી રહે તે - મનુષ્ય.

(૪) જે પોતાનાં સુખે દુઃખી પણ બીજાનાં દુઃખે દુઃખી રહે તે - સંત.

આ રીતે શેતાન, પશુ, મનુષ્ય અને સંતની આ વાસ્તવિકતા સમજવા જેવી છે, જાણવા જેવી છે. આપણે સ્વયં આ ચારમાંથી ક્યા પ્રકારમાં છીએ એનું આત્મનિરીક્ષણ કરીએ તો ?

- - - **જયંતિ ધોકાઈ**

"ક્યારેક કોઈ ઘટના કે ભૂલના કારણે અફસોસ કે પસ્તાવો થાય એ બહું જ સ્વાભાવિક છે. બધાં

સાથે ક્યારેક તો એવું થયું જ હોય છે, એમાંથી વહેલી તકે બહાર નીકળી જવું જરૂરી છે."

**- કૃષ્ણકાંત ઉનડકટ**

## દર્દ સાથે સગાઈ રાખી છે....

દર્દ સાથે સગાઇ રાખી છે,

ને કબીરી વણાઇ રાખી છે.

આપણું ક્યાં કશુંય પોતીકું,

પીડ તેથી પરાઇ રાખી છે.

હા, ધરાનું કરીને પાથરણું,

આભ જેવી રજાઇ રાખી છે.

જૂઠ ઉપર હજાર છે પડદાં,

સત્ય માટે ખરાઇ રાખી છે.

મૂલ્ય સમજાય સૌને સારપનું,

તેથી થોડી બુરાઇ રાખી છે.

**- દિનેશ ડોંગરે 'નાદાન'**

## વરસાદ

વરસતાં વરસાદમાં

ટપટપ

ટપકે છે

ગાંધીનું મૌન.

**- ગુરુદેવ પ્રજાપતિ 'ફોરમ'**

**ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् |**

**मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥**

( અધ્યાય 4 શ્લોક 11)

અર્થ :

જેઓ જેવી રીતે મને શરણાગત થાય છે, તે પ્રમાણે જ હું તેમને ફળ આપું છું. હે પાર્થ! સર્વ મનુષ્યો જાણતાં કે અજાણતાં મારા જ માર્ગનું અનુસરણ કરે છે.

સમજૂતી :

અહીં, શ્રીકૃષ્ણ કહે છે કે તેઓ પ્રત્યેક મનુષ્યને તેમના પ્રત્યેની શરણાગતિ પ્રમાણે ફળ પ્રદાન કરે છે. જેઓ ભગવાનના અસ્તિત્વનો અસ્વીકાર કરે છે, તેમને તેઓ કર્મના સિદ્ધાંત રૂપે મળે છે—તેઓ તેમના હૃદયમાં બિરાજે છે, તેમના કર્મોની નોંધ લે છે અને તે પ્રમાણે ફળ આપે છે. પરંતુ આવા નાસ્તિક લોકો પણ તેમની સેવા કરવાથી દૂર રહી શકતા નથી; તેઓ ભગવાનની માયા શક્તિના સંપત્તિ, સુવિધાઓ, સંબંધીઓ, પ્રતિષ્ઠા વગેરે જેવા ઓછાયા હેઠળ તેની સેવા કરવા બંધાયેલા હોય છે. માયા તેમને ક્રોધ, વાસના અને

લોભની પકડમાં જકડી રાખે છે. બીજી બાજુ, જેઓ તેમના મનને સાંસારિક પ્રલોભનોથી વિમુખ કરીને ભગવાનને તેમનાં લક્ષ્ય અને આશ્રય તરીકે સ્વીકારીને તેમના પ્રત્યે સન્મુખ થાય છે, તેમની દેખભાળ સ્વયં ભગવાન, જેમ એક માતા પોતાના બાળકની દેખભાળ કરે તેમ કરે છે.

શ્રીકૃષ્ણ 'ભજામિ' શબ્દનો ઉપયોગ કરે છે, જેનો અર્થ છે, 'સેવા કરવી'. તેઓ શરણાગત જીવનાં અનંત જન્મોનાં સંચિત કર્મોનો નાશ કરીને, માયાનાં બંધનો કાપીને, માયાના અસ્તિત્ત્વનો અંધકાર દૂર કરીને તથા દિવ્ય આનંદ, દિવ્ય જ્ઞાન અને દિવ્ય પ્રેમની વર્ષા કરીને તેમની સેવા કરે છે. અને જયારે ભક્ત નિષ્કામ સેવા કરવાનું શીખી જાય છે, ત્યારે ભગવાન સ્વેચ્છાએ તેમનાં પ્રેમના દાસ બની જાય છે. શ્રી રામ હનુમાનને કહે છે:

એકૈકસ્યોપકારસ્ય પ્રાણાન્ દાસ્યાસ્મિ તે કપે

શેષસ્યેહોપકારાણાં ભવામ ઋણિનો વયં (વાલ્મીકિ રામાયણ)

"હે હનુમાન! તમારી મારા પ્રત્યેની એક સેવાનું ઋણ ચૂકવવા માટે મારે મારું જીવન ન્યોછાવર કરવું પડશે. તમારા દ્વારા થયેલી અન્ય શેષ સર્વ સેવા માટે હું તમારો સનાતન ઋણી રહીશ." આ પ્રમાણે, ભગવાન દરેકને તેમની શરણાગતિ અનુસાર ફળ પ્રદાન કરે છે.

જો ભગવાન તેમના ભક્તો પ્રત્યે આટલા કૃપાળુ છે, તો શા માટે કેટલાક લોકો તેમના બદલે સ્વર્ગીય દેવતાઓની પૂજા કરે છે? ભગવાન આગામી શ્લોકમાં તેનું સ્પષ્ટીકરણ કરે છે.

- પ્રસ્તુતિ : **જીગર પંડ્યા**, કડોલી

"મેં ક્યાંક...

સાધુ વેશે સંસારી નિહાળ્યા...

તો ક્યાંક...

સંસારી વેશે સાધુ ભાળ્યા.."

- **દિવ્યેશ ઠાકર**, મુંબઇ

# જ્યોર્જ બર્નાર્ડ શો ....

નાટ્યલેખક, વિવેચક અને વીસમી સદીના અગ્રણી વિચારક જ્યોર્જ બર્નાર્ડ શો (ઈ.સ. ૧૮૫૬થી ઈ. સ. ૧૯૫૦)ને ૧૯૨૫માં નોબેલ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવેલાં. તેમણે રોકડ રકમનો અસ્વીકાર કર્યો હતો. એમને મુક્ત ચિંતક, મહિલા અધિકારોના પુરસ્કર્તા અને સમાજની આર્થિક સમાનતાના હિમાયતી તરીકે ઓળખવામાં આવ્યાં. તેઓ એમના હાજરજવાબીપણા માટે પ્રસિદ્ધ હતા. તેઓ કોઇ પણ વ્યક્તિના કટાક્ષનો એવો પ્રત્યુત્તર આપતા કે સામેની વ્યક્તિ તદ્દન નિરૂત્તર બની જતી.

એક વાર તેઓ એક હાસ્યલેખકને મળવા ગયા. એ હાસ્યલેખકે એમનો ઉષ્માપૂર્ણ અતિથિસત્કાર કર્યો. ઘણાં લાંબા સમય સુધી બંનેએ અલકમલકની વાતો કરી અને અંતે બર્નાર્ડ શોએ એ હાસ્યલેખક સમક્ષ એક પ્રસ્તાવ મૂક્યો. બર્નાર્ડ શોએ કહ્યું, 'આપણાં બંનેના હાસ્યમાં ઘણી પ્રભાવક લાક્ષણિકતાઓ છે. જો આપણે બંને સાથે મળીને એક પુસ્તક લખીએ, તો એમાં હાસ્યની બેવડી મજા આવે.'

જ્યોર્જ બર્નાર્ડ શોનો આ પ્રસ્તાવ બીજા હાસ્યલેખકને સ્વીકાર્ય નહોતો, આથી એણે એનો ઇન્કાર કરવા વિચાર્યું, પરંતુ એમ થયું કે સીધેસીધો આ પ્રસ્તાવ ઠુકરાવીશ, તો યોગ્ય નહીં ગણાય. વળી પોતે હાસ્યકાર છે એ સિદ્ધ કરવા માટે જવાબ તો કટાક્ષપૂર્ણ જ આપવો જોઈએ. એણે કહ્યું, 'મી. શો, તમારા પ્રસ્તાવ વિશે વિચારતાં મને એમ લાગે છે કે શું ક્યારેય ઘોડા અને ગધેડાને એકસાથે જોડી શકાય ખરા ?'

જ્યોર્જ બર્નાર્ડ શોએ તત્કાળ ઉત્તર આપ્યો, 'મિત્ર, તમને મારો પ્રસ્તાવ પસંદ પડ્યો નહીં, તેનો કંઈ વાંધો નહીં, પરંતુ મને કશાય કારણ વગર માણસમાંથી ઘોડો કેમ બનાવી રહ્યાં છો ?

બર્નાર્ડ શોનો ઉત્તર સાંભળી વ્યંગકાર છોભીલો પડી ગયો.

- **નરેન્દ્ર ડી. પટેલ,** કડોલી

## **जाना इमरोज़ का**

बड़ी ख़ामोश थी सुबह

सुना इमरोज़ चले गए,

यूं खत्म हुआ मुहब्बतों का सफर,

रह गई दास्तान हसीं

जो कुछ कहे अमृता ने,

रह गए वो किस्से अनकहे,

जो कभी तुम ने न कहे,

हैरतअंगेज है यह इस कदर

कोई किसी का दीवाना हो,

हर ग़म हर खुशी में शामिल हो,

लोग बदलते हैं रिश्ते लिबासों की तरह,

तुमने मुहब्बत भी की इबादत की तरह,

बाद गुजरने के अमृता के

किसी ने पूछा अब कैसी गुजर रही है,

अमृता बिन ये शाम कैसी लग रही है ,

वही पाक तबस्सुम इमरोज़ बोल गया,

चाहत के वर्क़ दर वर्क़ जैसे खोल गया,

अमृता तो सांसों में घुली है,

मेरे लहू की हर बूंद में वही है,

उसे मौत कैसे जुदा कर सकती है,

मुझे छोड़ वो कैसे जा सकती है,

काश हर शख्स को ऐसी दीवानगी मिल जाए,

कि हर अमृता को कोई इमरोज़,

हर इमरोज़ को कोई अमृता मिल जाए।।

**एस पी सिंह**
सारनाथ, वाराणसी

# શાંતી એ જ ઈશ્વર.....

શાંતી એ જ ઈશ્વર નુ પૂર્ણ,

સાચું અને અલૌકિક એવુ

સ્વરૂપ છે, જે લૌકિક ધન

તસ્વીર રૂપે ચોકકસ જ્ગ્યા

એ નથી જોઇ શકાતું , તે

સાક્ષાત પરબ્રહ્મ પરમાત્મા

છે, તે મન અને દીલ ની જે

અનુભૂતિ થાય તેના એહસાસ

થી અનુભવી શકાય છે,,,

જે કોઈ પણ ચોકકસ વ્યક્તિ

કે ચહેરા પર ન હોતા દરેક

જગ્યા એ, જ્યાં સારો એવો

માણસાઈ ભર્યો વહેવાર થાય,

ત્યાં સર્વવ્યાપી રૂપે એહસાસ

થી તેના દર્શન થાય છે,,,,

અને જ્યાં આવો શાંતી ભર્યો

વહેવાર ન હોય ત્યા પણ તે

ઈશ્વર તો હોય જ છે, કારણ

કે તે જગત નો સર્જનહાર અને

સંચાલક છે,પણ અશાંતિ હોય

ત્યા તે તેવા વહેવાર મા એક

બીજાને દુખ અર્થાત કર્મો ની

સજા આપે છે,,,

અને જ્યાં જ્યાં આવુ દુઃખ

ભર્યું નિર્માણ હોય છે, ત્યા

કર્મ બંધનો હોય છે, જે પૂર્વ

ના પણ હોઈ શકે, કે જેની

જાણ આપણને ન હોય,,

પણ સર્જક અને સંચાલક

એવા આ અંતર્યામી ઈશ્વર

ની જાણ મા બધુ જ હોય છે,,

અને તેના થકી જ આવુ સારું

ખરાબ નિર્માણ થયેલુ હોય છે,,

જ્યારે કર્મ બંધનો પૂરા થાય

ત્યારે કોઈ દેવદૂત કે સદગુરૂ

નો સંપર્ક થઇ અને તેના દ્વારા

માણસો વચ્ચે શાંતી, આનંદ

અને સુખ નુ નિર્માણ જીવન

મા થાય છે,,,

શિક્ષણ કે ડીગ્રી ન હોય કે

અલ્પ હોય તો ચાલે, કેટલાય

એવા સંતો થઇ ગયા કે જેઓ

નિરક્ષર હતા, પણ ભાવ અને

એહસાસ ના અલૌકિક તત્વો

થી બનેલ આ ઈશ્વર ના પૂર્ણ

સાચા અને સર્વવ્યાપી સ્વરૂપ

નો તેઓ ને સાક્ષાત્કાર હતો,

અને લોકો ને તેની સમજ આપી

ને સમાજ નુ કલ્યાણ કરતા,,,

યાદ રાખીએ કે કર્મબંધન થી

નિર્મિત આ જે કંઈ દુખ છે, તેમા

ઈશ્વરને સામેલ કરવાથી, અર્થાત

ત્યાગ, દયા, વિવેક, સહનશીલતા

દાખવી ને, કે જે અલૌકિક તત્વો

નો આ ઈશ્વર બનેલો છે, તેને

સાથે રાખીને જીવન જીવવા થી,

તેમની રચેલ આ સૃષ્ટિ ના મહા

વિજ્ઞાન મૂજબ કર્મ બંધન પૂર્ણ

થયે અવશ્ય સૂખ શાંતિ મળશે

જ, તમોને કલ્પના પણ ન હોય

તેવા સંપર્ક, સ્થિતિ અને સંજોગો

ઉત્પન થાય છે,, માત્ર જરૂર છે

આ અલૌકિક ઈશ્વર ને, તેના સાચા

સ્વરુપ ને ઓળખવા ની અને તેમા

શ્રધ્ધા અને વિશ્ર્વાસ રાખી ને, તેના

તત્વોમય એવા સાચા આ સ્વરુપ

ને સાથે રાખી ને જીવન જીવવા ની,

ખીસા મા પાકીટ મા કોઈ ચોકકસ

ધન સ્વરૂપ ની તસ્વીર રાખીને, આ

સર્વવ્યાપી ને એક જગ્યાએ અને

એક ચોકકસ સ્વરૂપ મા વહેમ નુ

રૂપ આપી ને રાખવા થી કંઈ પણ

નહી મળે,,,,,

***

### ઇશુ ખ્રિસ્તનો શાંતિ સ્થાપકો માટેનો સંદેશ : ફાધર વાલેસ.

પરમસુખના માર્ગનો ઉપદેશ આપતા ઇસુ ભગવાને એક માર્મિક કથન ઉચ્ચાર્યું હતું : ‘શાંતિના સ્થાપકો પરમ સુખી છે. તેઓ ઇશ્વરનાં સંતાન કહેવાશે.’

શાંતિના સ્થાપકો, સમાજમાં શાંતિ સ્થાપી શકે, બીજા લોકોને શાંતિ પમાડી શકે એવા. માનવના હૃદયમાં સાચી શાંતિ પ્રેરી શકે, જન્માવી શકે એવા. શાંતિ એ પરમ વરદાન છે. જે તે આપી શકે તે ખરેખર પરમ સુખી છે.

બે પાડોશીઓ ઝઘડ્યા. બે હૃદયમાં કડવાશ આવે ને બે ઘેર દ્વેષ રેડાયો, સમાધાન કોણ કરશે? કદાચ એ બે પાડોશીઓ મનમાં ને મનમાં સમાધાન કરવા ઈચ્છે છે; કદાચ દુશ્મનાવટના દુઃખથી દુઃખી થયા છે ને ફરીથી સારો સંબંધ બાંધવા માગે છે. દ્વેષ કોઈનેય ખપતો નથી માટે દિલમાંથી ને ઘરમાંથી એ જલદી કાઢવો છે. પણ આબરૂનો સવાલ છે. એટલે ઈચ્છા હોવા છતાં એકે પહેલું પગલું ન ભરે. અને દુઃખના દિવસો લંબાય.

એમાં એ શાંતિના સ્થાપકનું સ્થાન છે. એ બંનેને ઓળખે છે. બંનેનો મિત્ર છે. બંનેનું હિત ઈચ્છે છે. અને થોડી તસ્દી લેવા પણ તૈયાર છે. માટે તે એકને મળે છે. બીજાને મળે છે. બંનેને સમજાવે છે. વાટાઘાટો ચલાવે છે. મિલન ગોઠવે છે. ને બંનેને જોઈતું હતું એ કરાવી આપે છે. એ બે પાડોશીઓ ઉપર એનો ભારે ઉપકાર છે.

અને જેમ માણસ ને માણસ વચ્ચે તેમ જ્યારે કુટુંબ ને કુટુંબ વચ્ચે, કે સંસ્થા ને સંસ્થા વચ્ચે, કે દેશ ને દેશ વચ્ચે ઝઘડો થાય ને સંબંધ બગડે ને વેરઝેર આવે ત્યારે જે કોઈ વચ્ચે આવે, ધીરજ રખાવે, રસ્તો કાઢે ને સુલેહશાંતિ લાવે એ સમાજનો ખરો ઉપકારક છે.

પણ જે લોકો ઊલટું કરે, વિકૃત ભાવ સાથે શાંતિ ને મિત્રતા નહિ પણ અશાંતિ ને દ્વેષ ફેલાવવા મેદાને પડે, જે એકને ઉશ્કેરી મૂકે ને બીજાના કાનમાં વહેમનું ઝેર રેડે, જે ખોટી અફવાઓ ફેલાવે, ખોટો ભય ઊભો કરે, કૂથલી ને નિંદા ચલાવે, કાન ભંભેરી નાખે ને ખોટી શંકા પેદા કરે – એ સમાજના દ્રોહી છે. શાંતિ સ્થાપવી એ દેવનું કામ. પણ શાંતિ સંહારવી એ શેતાનનું કામ, એ નિંદ્ય કામમાં ભૂલથી પણ કદી ભાગ ન લઈએ.

શાંતિની માત્રા દુનિયામાં છે એ ઓછી નહિ પણ વધારે થાય એ આપણો પ્રયત્ન હોવો જોઈએ. શાંતિની સ્થાપના. સુલેહની પ્રવૃત્તિ. પરા ખરી શાંતિ એ કંઈ બહારની વસ્તુ નથી. ફક્ત ઝઘડો ન હોય કે અ◌ાબનાવ ન હોય કે યુદ્ધ ન હોય એ શાંતિ નથી. શાંતિ એ લડાઈનો અભાવ નથી. શાંતિ અંદરની ચીજ છે, હૃદયની સંપત્તિ છે. માટે શાંતિની સ્થાપના કોઈ બહારની પ્રક્રિયા નથી. સમાધાન કરાવ્યું, ઝઘડો મટાડ્યો, સંધિનો કરાર કબૂલ કરાવ્યો એ સારું કામ થયું, સારી સેવા થઈ, શાંતિ માટેની જરૂરી ભૂમિકા તૈયાર કરી. પણ શાંતિ હજુ આવી નહિ, એને હજુ વાર છે.

ખરો ઝઘડો માણસના હૃદયની અંદર જ ચાલે છે, તેથી ખરી શાંતિ માટે એ જ ઝઘડો મટાડવો જોઈએ. માણસ બહારથી ન લડે કે કોઈની સાથે સંઘર્ષમાં ન આવે તો ય એના હૃદયની અંદર સંઘર્ષ ચાલી શકે, લડાઈ ચાલી શકે – ને ઘણું કરીને ચાલે જ છે. ભાવના ને વાસ્તવિકતા, સંસ્કાર ને સંસાર, સિદ્ધાંત ને વાસના વચ્ચેનો સંઘર્ષ છે. ઉગ્ર લડાઈ છે. મહાભારત યુદ્ધ છે. એમાં જ શાંતિ ને સમાધાન જોઈએ. પણ એ લડાઈની વિશિષ્ટતા એ છે કે એમાં સંધિનો કરાર સમજૂતીથી ન થાય, બંને પક્ષે થોડી બાંધછોડ કરવાથી ને કરાવવાથી ન થાય. હૃદયમાં શાંતિ નીતિ અને અનીતિ વચ્ચે તોડ કાઢવાથી ન થાય. નીતિનો વિજય કરાવવાથી જ થાય.

પણ ફક્ત નીતિ-અનીતિનો સવાલ નથી. શાંતિનો નાશ કરી શકે એવાં માણસના હૃદયમાં અનેક પરિબળો છે. ભય ને ચિંતા, વહેમ ને અવિશ્વાસ, અનિશ્ચિતતા ને ચંચલતા. પાણીની સૃષ્ટિ કે આંધીનો હુમલો કે પવનની થપાટ એને હલાવી મૂકે છે. અને એક વાર એ પાણી હાલ્યું કે કેમે કરીને શાંત પડતું નથી.

એ શાંતિ સ્થાપવાની આવશ્યકતા છે. અને કેટલાક તો – ઘણા નહિ પણ કેટલાક દુનિયાના સાધકો ને સંસારના તપસ્વીઓ એમાં સારી સફળતા પણ મેળવે છે. શાંતિના સ્થાપકો. વિવેકના દૂતો. ભગવાનના માણસો. એમના મો સામે જુઓ. એમાં એ સ્મિત છે : સતત, સહજ, દિવ્ય. અંદરની શાંતિનો બાહ્ય સંકેત. નિર્મલ આંખો. સીધી નજર. અલૌકિક પ્રસન્નતા. હા, હજી પૂરી સિદ્ધિ નથી, હજી આખરી જીત નથી; સંસાર છે ત્યાં સુધી લડાઈ તો રહેશે, પણ પરિસ્થિતિ કાબૂમાં છે. માણસ મેળવી શકે એ પ્રમાણમાં એમને શાંતિ મેળવી છે, અને હવે તેની પ્રાપ્તિ માટે બીજાઓને પ્રેરણા આપી શકે.

### શાંતિના સ્થાપકો દુનિયાના સંતો

પણ એમના શુભ કાર્યમાં આપણે પણ ભાગ લેવો જોઈએ. આપણા પ્રમાણમાં પણ આપણા વર્તુળમાં ને આપણા સમાજમાં એ સાચી શાંતિનું વાતાવરણ પેદા કરવા આપણે પણ પ્રયત્ન કરવો જોઈએ. પ્રથમ હૃદયમાં શાંતિ લાવવી. બને તેટલી, બને તેવી ગહન ને સ્થિર ને સાત્ત્વિક. અને પછી એનું દાન બીજાઓને કરવું. લાગણી શમાવવી, શ્રદ્ધા પ્રેરવી, ધીરજ આપવી. કંઈ નહિ તો આપણી શાંતિથી આપણી આસપાસ શાંતિનો પ્રભાવ પાડવો. આપણા આનંદથી બધે આનંદનો પ્રકાશ ફેલાવવો. એ શુભ પ્રક્રિયા છે. મંગળ પ્રવૃત્તિ છે. અને ખૂબી એ છે કે શાંતિનું દાન આપવા જતાં આપણા હૃદયમાંની શાંતિ પણ દૃઢ થશે. પોતે નબળી હતી ને કાચી હતી તે બીજા હૃદયમાં સાચો પડઘો પાડશે. ત્યારે ઓર ખીલશે ને વિકસશે. શાંતિનું દાન એ શાંતિની પ્રાપ્તિ. અને

એ રીતે હૃદયમાં ને દુનિયામાં શાંતિની માત્રા વધશે ને સાચું કલ્યાણ સધાશે.

શાંતિના સ્થાપકનું એ કામ છે. અને એનો બદલો તો એવો જ દિવ્ય છે : 'તેઓ ઇશ્વરનાં સંતાન કહેવાશે. ઇશ્વરનાં સંતાનો એમ તો બધા છીએ, પણ એમનો વિશેષ અધિકાર છે. શાંતિ સ્થાપવી એ ઇશ્વરનું કામ. એ જ માણસના હૃદયમાં ને માણસના સમાજમાં સાચી ને સ્થાયી ને ઊંડી શાંતિ સ્થાપી શકે. પણ એ કામમાં એને મદદરૂપ થાય, એનું નિમિત્ત બને એવા માણસો જાણે એના ભાગીદારી બને; એનું પ્રિય કામ તેઓ પણ કરે એટલે એના મદદનીશ કહેવાય; એનો સંદેશ પહોંચાડે, એનો વારસો ટકાવે એટલે એનાં સંતાનો કહેવાય. અને ઇશ્વરનાં સંતાનો તો હતાં, પણ હવે 'કહેવાશે' એમાં એ સૂચવે છે કે એમનું એ શુભ કાર્ય જોઈને આખી દુનિયા એમને ભગવાનના માણસો તરીકે ઓળખશે અને એ બિરુદથી વધાવશે.

શાંતિનું કામ. શાંતિની સાધના. મનમાં ને સમાજમાં. સુખમાં ને દુઃખમાં. શાંતિનો ઉદ્ગાર ઘણી વાર હોઠ ઉપર આવે છે : શાંતિ, શાંતિ, શાંતિ. એને દિલમાં પણ આવવા દઈએ. આખી દુનિયામાં ફેલાવા દઈએ. શાંતિની સ્થાપના એ ધર્મનો સાચો ઉદ્દેશ છે.

**દિપકભાઇ ડી. પુજારા**

નિવૃત્ત ઇન્સ્પેકટર,
રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન
રાજકોટ,,,

નોંધ: આજે નારાયણ દેસાઈનો જન્મ દિવસ છે.એમના ઘેર હું બે મહિના રહેલો છું અને ઘણા સંસ્મરણો છે.

કર્દમ મોદી, પાટણ

આજનો દિન વિશેષ

ડિસેમ્બર 24

નારાયણ દેસાઇ જન્મજયંતિ

નારાયણ દેસાઈ ભારતીય ગાંધીવાદી અને લેખક હતા. મહાત્મા ગાંધીના અંગત સેક્રેટરી અને જીવનવૃત્તાંત લેખક મહાદેવભાઈ દેસાઈના પુત્ર એવા, નારાયણ દેસાઈનો જન્મ વલસાડ, ગુજરાત ખાતે ૨૪ ડિસેમ્બર ૧૯૨૪ના રોજ થયો હતો. ગાંધીજીના સાબરમતી આશ્રમ, અમદાવાદ અને વર્ધા નજીક સેવાગ્રામ આશ્રમ ખાતે મોટા થયેલા તેમણે પોતાના પિતા અને આશ્રમના અન્ય રહેવાસીઓ જોડે શિક્ષણ મેળવ્યું હતું. તેમણે શિક્ષણ, કાંતણ અને ખાદી વણાટમાં નિપુણતા મેળવી હતી. નારાયણ દેસાઇ વિનોબા ભાવે દ્વારા સ્થાપિત અને સામાજીક નેતા જયપ્રકાશ નારાયણના નેતૃત્વ હેઠળ સંચાલિત અખિલ ભારતીય શાંતિ સેના મંડળમાં જોડાયા. શાંતિ સેનાના જનરલ સેક્રેટરી તરીકે,નારાયણ દેસાઈએ સમગ્ર દેશમાંથી શાંતિ સ્વયંસેવકોની

ભરતી કરી જેમણે જાતિગત અથડામણો દરમિયાન સુલેહગીરી કરવામાં મદદ કરી. તેમણે આંતરરાષ્ટ્રીય શાંતિ સેનાની સ્થાપના કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો અને તેઓ વોર રેઝિસ્ટર્સ ઇન્ટરનેશનલના ચેરમેન તરીકે ચૂંટાયા. પાકિસ્તાની શાંતિ સંગઠનની સાથે તેમને યુનેસ્કોનો આંતરરાષ્ટ્રીય શાંતિ પુરસ્કાર મળ્યો હતો. તેઓ ભારતમાં કટોકટી લાદવાના વિરોધમાં સક્રિય હતા અને કટોકટીના કાયદાઓના વિરોધમાં સામયિકની શરૂઆત કરી હતી. જયપ્રકાશ નારાયણના સાથી તરીકે તેમણે જનતા પાર્ટીની સ્થાપનામાં અગત્યનો ભાગ ભજવ્યો, જે પ્રથમ મોટા બિન-કોંગ્રેસી પક્ષ તરીકે ઉભરી આવ્યો. તેમણે વડા પ્રધાન તરીકે મોરારજી દેસાઈનું નામ પસંદ કરવામાં પણ અગત્યનો ભાગ ભજવ્યો. ૧૯૮૯માં તેમના પુસ્તક અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ માટે નર્મદ સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો. ૧૯૯૩માં તેમના પિતા મહાદેવ દેસાઈના જીવનવૃત્તાંત માટે તેમને ગુજરાતી ગુજર ભાષાનો સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો હતો. એ પહેલાં તેમને ગાંધીજીના બાળપણની યાદગીરીના પુસ્તક માટે પણ સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો હતો. ૧૯૯૯માં તેમને જમનાલાલ બજાજ પુરસ્કાર મળ્યો હતો અને ૧૯૯૮માં અસહિષ્ણુતા અને અહિંસાનો અથાગ પ્રચાર કરવા માટે યુનેસ્કો-મદનજીત સિંહ પુરસ્કાર મળ્યો હતો.ગુજરાતી સાહિત્યમાં યોગદાન માટે તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક ૨૦૦૧માં એનાયત થયો હતો. ૨૦૦૪ના વર્ષમાં ભારતીય જ્ઞાનપીઠ દ્વારા અપાતો ૧૮મો મૂર્તિદેવી પુરસ્કાર તેમને તેમના લોકપ્રિય સર્જન મારું જીવન એજ મારી વાણી' માટે મળ્યો હતો, જે મહાત્મા ગાંધીના જીવન, ફિલસૂફી અને કાર્યો પર આધારીત છે. – સંકલિત

# કડોલી લોજ: મારી મુલાકાત ...

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન ની સાબરકાંઠા ના કડોલી ગામે હરજીવન આશ્રમ માં તારીખ **24/12/2023** ના રોજ એક સરસ મિટિંગ નું આયોજન કરવામોં આવ્યું . મને પણ હાજર રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું . મારા પરમ મિત્ર શ્રી દિપક ભાઈ પંડ્યા એ મને પરિવાર સાથે હાજર રહેવા આમંત્રણ પાઠવેલ . આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો એ ઉદ્દ્બોધન કરેલું . આ સંસ્થા ના મુખ્ય ઉદ્દેશ નીચે મુજબ છે :

પ્રજા , પંથ , લિંગ કોમ કે રંગ ના ભેદભાવ વગર માનવજાતિ ના વિશ્વબંધુત્વ નું કેન્દ્ર સ્થાપવું

સમન્વય ની દૃષ્ટિએ ધર્મ , તત્વજ્ઞાન અને વિજ્ઞાનશાસ્ત્રો ના અભ્યાસ ને ઉત્તેજન આપવું .

કુદરત ના નહિ સમજાયેલ નિયમોની અને મનુષ્ય માં સુષુપ્ત રહેલ શક્તિબળ નું સંશોધન કરવું .

ખરેખર આ પ્રસંગે હાજરી આપી એનો આનંદ સદૈવ મારા મનમાં રહેશે . પંડ્યા જી બી એસ એન એલ ના સેવા નિવૃત્ત અધિકારી છે પણ એમની લેખન શૈલી અદભુત છે . ભાષા ઉપર ની પક્કડ અને ગાગર માં સાગર સામાવાનો એક અલોકિક પ્રયાસ તેમને રૂબરૂ સાંભળ્યા પછી થયો .

**પી.બી. મકવાણા, અમદાવાદ**





























# રોહિત મહેતા સ્મૃતિ શિબિર

: આયોજક :

**રોહિત લોજ, થિયોસોફિકલ સોસાયટી**

**અમદાવાદ**




















રોહિત મહેતા સ્મૃતિ શિબિર
: આયોજક :
રોહિત લોજ, થિયોસોફિકલ

